**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧/—**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઈવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

• You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"

# ✿ અનુક્રમણિકા ✿


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| દીપોત્સવી પર્વ નિમિત્તે અભિનંદન | અધ્યત્મ પરિવાર | ૪ |
| આધ્યાત્મિકતાની આવશ્યકતા શું કામ? | યોગેશ્વરજી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| બાપુઃ મારી મા | મનુબહેન ગાંધી | ૧૧ |
| સ્વામી રામના અનુભવો | શ્રી કુંદનિકા કાપડિયા | ૧૭ |
| શ્રદ્ધાંજલિ | તંત્રી | ૨૪ |
| પ.પૂ. માનો જન્મદિન | તંત્રી | ૨૭ |
| વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા | મા સર્વેશ્વરી | ૨૮ |
| પૂ.માની સંનિધિના—સાગરના હરિરસમાં સ્નાન | ડૉ.બી.જે.જાગાણી | ૩૨ |
| પ્રભાતનું કિરણ | શ્રી યોગેશ્વરજી | ૩૮ |
| જીવન નૈયા | સંત શ્રી આત્માનંદજી | ૪૧ |
| સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ | નારાયણ હ. જાની | ૪૩ |
| પદયાત્રીઓનો વિસામો—સ્વર્ગારોહણ | જ્યોત્સ્ના ત્રિવેદી | ૫૧ |
| પારસમણિ—જેવાં શુભચિંતન | ડૉ.પ્રકાશ ગજ્જર | ૫૭ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# અભિનંદનીય સહાય

**શ્રી સરસ્વતી અને નારાયણભાઈ જાની પરિવાર તરફથી અધ્યાત્મના નવેમ્બર માસનો ખર્ચ આપવાની પ્રેરણા પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ ધરવા બદલ અમો સહુ તેઓના ખૂબ ખૂબ આભારી છીએ.**

**હે મા! આવાં જ સત્કર્મો અમે સહુ કરતા રહીએ—તેવી ક્ષમતા અને સદ્‌બુદ્ધિ આપ ધરતાં રહેજો એવી પ્રાર્થના છે. અમારા જીવનમાં ક્યાંય ખોટું અહં ન પ્રવેશી જાય, તે અંગે અમને સતત જાગ્રત કરતાં રહેજો એજ વિનંતી.**

—નારાયણ હ. જાની પરિવાર.



# દીપોત્સવી પર્વ નિમિત્તે અભિનંદન

આ વર્ષે તા. ૩ નવેમ્બર થી તા. ૭ નવેમ્બર ૨૦૧૦ના દિવસો દીપોત્સવી પર્વના છે. તા. ૫ નવેમ્બરના રોજ દીવાળી છે ને તા.૭ નવેમ્બરના રોજ બેસતું વર્ષ આવે છે. સંવત ૨૦૬૬નું વર્ષ પૂરું થઇ વિક્રમ સંવત ૨૦૬૭નું વર્ષ તા. ૭ના રોજ પ્રારંભ પામે છે.

પ્રકાશના પર્વ તરીકે ઉજવાતા આ તહેવારો દરમ્યાન બહારના પ્રકાશથી સંતોષ ન માનતા, દરેક માનવી પોતાની અંદર રહેલ આધ્યાત્મિક પ્રકાશની ખોજમાં પણ વળે, એવી આશા રાખીએ  કેવળ ભૌતિક સંપત્તિના ઉપાર્જન ને સંગ્રહ પાછળ આંધળી દોટ મૂકનાર માનવ જરા થોભે અને વિચારે, તેને જીવનમાં શું જોઇએ છે? દુનિયાના કોઇ પણ છેડે, વસતા માનવને જોઇએ છે સુખ, શાંતિ ને આનંદ. આ ઉત્તમ સંપત્તિ બીજાઓને આપવાથી જ પોતાને મળશે એ વાત સમજી, એ દિશામાં માનવ કાર્યરત બને તો સાચે જ આ પૃથ્વી જીવવા જેવી સ્વર્ગસમ બની રહે.

પ.પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી અને પૂ. માશ્રી સર્વેશ્વરીના આશીર્વાદ નવા વર્ષમાં અમ સર્વ પર ઉતરે એ જ પ્રાર્થના.

સૌના જીવનમાં નવું વર્ષ આવો એક નૂતન પ્રકાશ લાવનારું બની રહો એ જ મંગલ કામના. સૌને નવા વર્ષના નૂતનવર્ષાભિનંદન

—અધ્યાત્મ પરિવાર

# આધ્યાત્મિકતાની આવશ્યકતા શું કામ?

**શ્રી યોગેશ્વરજી**

વિજ્ઞાનની આગેકૂચની સાથે સાથે મનુષ્યના મનની પણ આગેકૂચ થવી જોઈએ. વિજ્ઞાને માનવને અનંત શક્તિ, સંપત્તિ, સાધન કે સુખોપભોગનો સ્વામી બનાવ્યો છે. અન્વેષણની અનેકાનેક શક્યતાઓ એની આગળ છતી કરી છે; અને તે રીતે એના જીવનમાં શકવર્તી ભાગ ભજવવા માંડ્યો છે. દેશ ને કાળને ટૂંકા કરી એમના પર શાસન કરી બતાવવાની કરામતો એણે પૂરી પાડી છે. ઐશ્વર્યની અભિવૃદ્ધિ કરવા માંડી છે. આ બધું હોવા છતાં જીવનમાં સુખ શાંતિ સલામતી ને નિર્ભયતા કેમ નથી? પારસ્પરિક ધિક્કાર ને કડવાશ હજી પણ કેમ ચાલુ રહ્યાં છે? ભેદભાવ તેમ જ ચડશાચડશી ને રાગદ્વેષની દીવાલો હજી પણ કેમ તૂટી નથી પડી? અત્યાચાર, અનાચાર, હિંસા, જોહુકમી ને તૃષ્ણા કેમ ચાલુ છે? દાનવતાને દફનાવી દેવાને બદલે ખુદ માનવતાનો જ મૃત્યુઘંટ કેમ વાગી રહ્યો છે? વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના પુસ્તકના પઠનપાઠનની જ ભાવના કેમ રહી ગઈ છે, ને તેનો આચારમાં અનુવાદ કેમ નથી થતો? ભોગોની આટલી બધી અદમ્ય લાલસા, તેની પૂર્તિ માટેની થોકબંધ સામગ્રી, એનો પ્રચૂર માત્રામાં ઉપયોગ છતાં ઉત્તરોત્તર અતૃપ્તિ અને અશાંતિ કેમ વધતી જ જાય છે? માનવજાતને મદદરૂપ થાય તેવાં સંશોધનોમાં રસ લેવાને બદલે, સંસ્કૃતિનો સર્વનાશ કરનારી જીવલેણ શોધોમાં રસ શા માટે લેવામાં આવે છે?



એનો ઉત્તર માનસિક છે. માનવનું મન જ્યાં સુધી ઉદાત્ત નથી બન્યું. નિર્મળ નથી થયું, અથવા તો તેની વૃત્તિ કે ભાવનાનું ઉર્ધ્વીકરણ નથી થયું, ત્યાં સુધી પરિસ્થિતિ કાયમ જ રહેવાની. એનો અંત નહિ જ આવવાનો, માનવ જ્યાં સુધી માનવસહજ સદ્‌ગુણોથી સંપન્ન થઈને સાચા અર્થમાં માનવ નહિ બને, ત્યાં સુધી શક્તિ કે સામગ્રીનો સદુપયોગ કરીને શાંતિ નહિ જ મેળવી શકવાનો.

એટલા માટે જ, આધ્યાત્મિકતાની, ધર્મનાં મૂળતત્ત્વનોને જીવનમાં ઉતારવાની આજે અનિવાર્ય આવશ્યકતા છે. જો ધર્મ અથવા આધ્યાત્મિકતાનું આચરણ સમ્યક્ રીતે કરવામાં આવે તો વ્યક્તિનું તથા તેની દ્વારા સમષ્ટિનું પરિત્રાણ જરૂર થઈ શકે. આ વાતને યાદ રાખીશું તો લાભ થશે. જગતને સમૃદ્ધ કરવા માટે જેમ વિજ્ઞાનની જરૂર છે તેમ તેને શાંતિમય, સુખમય ને જીવવા જેવું કરવા માટે ધર્મ અથવા તો આધ્યાત્મિકતાની આવશ્યકતા છે. બન્નેનો સમન્વય કરવો પડશે, તો જ સર્વનાશના ભયમાંથી બચી શકાશે. આધુનિક યુગે એ મહાન સંદેશ પૂરો પડ્યો છે. તેને સમજવાથી પોતાનું ને બીજાનું શ્રેય કરી શકાશે એ ચોક્કસ છે.

લાખ પ્રશ્નોનો એક જ જવાબ :
પ્રભુની ઈચ્છા. આપણે શું?
**—મા**

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ ઓક્ટોબર–૨૦૧૦ અંક ૧**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળ :– ૮૯, કોટર્યકનગર, રાંદેરરોડ, સૂરત**

**ફાગણ સુદ દશમ તા.૫/૩/૮૨ શુક્રવાર**

પૂ.શ્રીએ આ ઉતારાને ઘણીવાર સર્વેશ્વરી તીર્થના નામે સંબોધ્યો છે.

અહીં પૂર્ણ સ્વતંત્રતા છે. ચાર ઓરડાના આ મકાનમાં એક ઓરડામાં પૂ.શ્રીનો ઉતારો, એક ઓરડો મુલાકાતીઓનો, એક ઓરડો પૂ.શ્રીના પુસ્તકોના સંગ્રહનો ને એક ભોજન માટેનો ઓરડો છે. ચારે ઓરડાની વચ્ચે સંડાસ બાથરૂમ છે. એટલે આ ઉતારો પૂ.શ્રીને સર્વ રીતે અનુકૂળ છે.

સવારે પૂ.શ્રી નિયમિત સ્નાન તો કરે છે પણ આજે ફીશરની બળતરા વધી હોવાથી, શેક પણ કરે છે. થોડું લેખનકાર્ય થયા બાદ ફરજિયાત આરામ જ કરવો પડ્યો.

આજે ભોજનમાં પૂ.શ્રીએ ખીચડી ને દૂધ લીધાં. ભોજન બાદ મુલાકાત શરૂ થઈ.



આજે શ્રી બાળકૃષ્ણભાઈ વૈદ્ય પોતાની ઈચ્છાથી એક હોમીયોપેથીના જાણકારને પૂ.શ્રી પાસે લાવ્યા. પૂ.શ્રીએ તે જાણકાર સાથે પોતાની ફીશરની મુશ્કેલીઓ જણાવી. તેમણે એક એક કલાકે લેવાની દવા આપી. તેમને પૂ.શ્રીએ બે પુસ્તકો અને પ્રસાદ આપ્યો. તે ભાઈ વિદાય થયા.

પૂ.શ્રી મુલાકાતના ઓરડામાં આવે છે ત્યારે ૧૨–૩૦ થઈ ગયા છે. કોઈ કાંઈ પ્રશ્નો પૂછતાં નથી. પૂ.શ્રીની મુલાકાતના ૧૨થી ૧૨.૩૦ના સમય દરમ્યાન કળીમાંથી ફૂલ પુસ્તકમાંથી બે ત્રણ પ્રકરણોનું સમૂહ વાંચન થયું. પછી 'હે જ્ઞાનેશ્વર'ની ધૂન ગવડાવી. કોઈને પ્રશ્નો નથી તો હું ગવડાવું એમ કરી પૂ.શ્રીએ પૂ.માતાજી ઉપર લખેલાં કાવ્યો મંગાવ્યાં. સર્વેશ્વરી તે કાવ્યોના કાગળો લઈ આવે છે.

પૂ.શ્રીએ પ્રથમ કાવ્ય વાંચી સંભળાવ્યું જેના શબ્દો નીચે મુજબના હતા :–

**હે અભય હે અભયંકર**
**પરમ અભયંકર દાન અભયનું આપો**

પછી વળી માતાજી ઉપર એક પછી એક ગીતો સંભળાવવાનું શરૂ કર્યું. દરેક ગીતોના શબ્દો નીચે મુજબ હતાં.

(૧) માતૃદેવોભવ માતૃદેવોભવ
પરમમંત્ર છે માન મારું
(૨) કહે નાના બાળ સાંજ સદા
(૩) તમે ક્યાં ગયાં છો ક્યાં ગયાં?
(૪) મમતાવાળુ સંસારે સઘળા
વધુ મમતાળુ માતા.
(૫) નિરખ્યાં નયનો મધુ માત તણાં

મને ત્યારથી એવી પ્રતીતિ થઇ

(૬) તમને માન પહેલાં આપતો ને અપાવતો.

(૭) નામ જ્યોર્તિમયી તમારું

(૮) અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા.

અમે અમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા.

દોઢ વાગ્યા સુધી પૂ.શ્રીએ આજે કાવ્યગાન જ સંભળાવ્યું. સમય પૂરો થતાં સૌ વિદાય થયા. આરામ બાદ સાંજે પ્રવચન થયું ખાસ નોંધ ન થઇ.

**ફાગણ સુદ અગિયારશ તા.૬/૩/૮૨ શનિવાર**

આ ઉતારો પૂ.શ્રીને સર્વપ્રકારે અનુકૂળ રહે છે. સવારે પૂ.શ્રી શેક કરે છે. તે માટે ગરમ પાણી ઈલેક્ટ્રીક સાધનથી કરી લેવાનું બને છે.

સ્નાન બાદ પૂ.શ્રી શીર્ષાસન કરી લે છે. આજકાલ ફીશરની તકલીફ છે. છતાં પૂ.શ્રી વ્યાયામ તો કરે જ છે. જાણે કે વ્યાયામ એ એક સ્વભાવ જ ન થઇ ગયો હોય.

વ્યાયામ બાદ માથામાં તેલ નાંખી વાળ વ્યવસ્થિત કરી લે છે, પછી લેખનકાર્ય માટે બેસી જાય છે!

વચ્ચે નવ વાગ્યે દૂધ પી લે છે. દૂધમાં ખાંડ નાંખી હોય છે. એક હાથમાં ઈન્ડીપેન ને એક હાથમાં દૂધનો પ્યાલો લઈ પી લે છે. પછી લેખનકાર્ય તો ચાલુ જ થઇ જાય છે. દૂધ પીતી વખતે કોઈ વાતચીત થતી નથી.

લેખનકાર્ય અવિરતપણે ચાલ્યાં કરે છે. ફીશરની તકલીફને લીધે વચ્ચે એકાદવાર દીર્ઘ શંકા માટે જાય છે. ત્યારે ફરીથી પાણીનો શેક લે છે.

સાડા અગિયારથી બાર વાગ્યા સુધી પૂ.શ્રી માળા કરે છે. બરાબર બાર વાગ્યે પૂ.શ્રી બહાર મુલાકાતના ઓરડામાં પધારે



છે.

આજે અગિયારશ છે જેથી પૂ.શ્રી મુલાકાત પછી કંઈક દૂધ વગેરે લેશે.

મુલાકાતીઓથી બહાર આખોયે ઓટલો ભરાઇ ગયો હતો. બારણું ખુલ્યું ને તરત જ સૌ અંદર આવે છે. પ્રણામ કરીને બેસે છે. ઓરડો આખોયે ભરાય ગયો. બહાર ઓટલા ઉપર પણ થોડા બેઠા.

પૂ.શ્રીએ તરત જ કહ્યું. કોઇને કંઇ પ્રશ્ન હોય તે તૈયાર કરો ત્યાં સુધી વિદેશની યાત્રાની નોંધનો એક દિવસ વંચાશે. એ સાંભળતાં જ શ્રી ભટ્ટસાહેબે પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્નઃ— મંત્રજપને શ્વાસોશ્વાસ સાથે કેવી રીતે જોડવો?

પૂ.શ્રીઃ— એક મંત્ર શ્વાસ લેતાં એક મંત્ર શ્વાસ કાઢતાં બોલો. અથવા મંત્ર લાંબો હોય તો મંત્રના બે ભાગ કરો, એક ભાગ ૧/૨ મંત્ર શ્વાસ લેતાં ૧/૨ મંત્ર શ્વાસ કાઢતાં બોલો.

પ્રશ્નઃ— હાલતાચાલતા જપ કરીએ તો શ્વાસનું ધ્યાન ન રહે?

પૂ.શ્રીઃ— શ્વાસ ઉપર ધ્યાન ન રહે તો ભલે એમ થતું. શ્વાસ રોકો ને જપ કરો. એ પણ સારું છે. હાલતાં ચાલતાં કે કામ કરતાં જપ કરવાની ટેવ સારી છે. પણ તમે નામુ જ લખવા બેઠા અથવા પરચૂરણ જ ગણવા બેઠા તો, કોઇ આવા કામ સાથે જપ ન પણ થાય. ને જપ કરવા બેસો તો કામમાં વિક્ષેપ પણ પડે.

મુલાકાતીઓ શાંતિથી પૂ.શ્રીની અમૃતવાણી સાંભળ્યા કરે છે. પૂ.શ્રી સર્વેશ્વરીને હવે નોંધ વાંચવાની સૂચના કરે છે. જેથી લંડનથી કેનેડા જવાનું બન્યું તે દિવસની નોંધપોથી સર્વેશ્વરી વાંચી સંભળાવે છે.

**(ક્રમશઃ)**

# બાપુઃ મારી મા

મનુબહેન ગાંધી

### વૈષ્ણવજન તો....

નોઆખલીમાં ઝૂંપડાં ગારમાટીનાં અને નારિયેળનાં પાનનાં ઊભાં કરેલાં. થોડા પાકાં મકાનો હતાં, પણ નોઆખલીના હત્યાકાંડમાં ભસ્મીભૂત થઇ ગયાં. બાપુને રોજ રોજ એક ગામડેથી બીજે ગામડે જવું પડે એટલે ગાંધીકેમ્પના વ્યસ્થાપક સતીશબાબુ હતા તેમણે હેરવી ફેરવી શકાય એવું ઝૂંપડું બનાવ્યું. તેમાં જે સુવિધાઓ હતી તે જોઇને બાપુએ તેને **'મહેલ જેવી ઝૂંપડી'** એવું ઉપનામ આપ્યું હતું.

નોઆખલીની ખરી યાત્રા ચંડીપુરથી શરૂ થઇ. સવારે યાત્રાના પ્રયાણ પહેલાં કેટલીક બહેનોએ બાપુજીને ચાંદલો કર્યો, પ્રાર્થના કરી. બાપુજીએ મને સૂચના આપી હતી કે **'વૈષ્ણવજન તો તેને કહીએ' એ ભજન ગાવાનું પણ એમાં એટલો ફેરફાર કરાવ્યો કે દરેક કડીએ એક એક વખત ખ્રિસ્તીજન, પારસીજન, શીખજન, મુસ્લિમજન હરિના જન તો તેને કહિએ જે પીડ પરાઇ જાણે રે. એ પ્રમાણે ગાવું. અને આ ભજનમાં પોતે સાદ પણ પુરાવ્યો.**

### બાપુએ ચંપલ ત્યજ્યાં

અહીંયાં બાપુએ ચંપલ પણ ત્યજ્યાં ! કારણ? 'આપણા હિંદુ મંદિરમાં કે મસ્જિદોમાં કે ચર્ચમાં પણ જઇએ છીએ તો ચંપલ નથી પહેરતા. ત્યારે મારે તો દરિદ્રનારાયણ પાસે જવું છે. જેનાં સ્વજનો લૂંટાયાં છે, જ્યાં નિર્દોષ સ્ત્રીઓની, બાળકોની કતલ થઇ છે, જેને લાજ ઢાંકવા પણ કપડાં નથી, એવી ભૂમિ ઉપર ચાલવું અને એવા લોકોની મુલાકાત લેવી એ મારે માટે પવિત્ર યાત્રા છે. ત્યાં ચંપલ કેમ પહેરાય?'



આ શબ્દો બોલતાં બોલતાં બાપુજીના હૃદયની સ્થિતિ જેમ આપણે માખણ કાઢવા છાસને વલોવીએ છીએ અને જે સ્થિતિ છાસની થાય, એવી હતી. આજેય આ કરુણ અવાજ કાનમાં ગુંજે છે. **બાપુજીના પગ એટલે આપણા હાથ કરતાંય વધુ સુંવાળા.** એને કાંટા વાગેલા અને ચીરા પણ પડેલા.

બરાબર સાડાસાત વાગ્યે એક હાથ મારા ખભા ઉપર મૂકીને બીજા હાથમાં એમની હંમેશની વાંસની લાકડી લઇ નારિયેળ સોપારીના વન વચ્ચે કવિવર ટાગોરનું 'એકલા ચલો'નું 'એકલો જાને રે'નું ભજન સૌથી પહેલું ગાતાં ગાતાં યાત્રા શરૂ કરી. સાડા નવ વાગ્યે જ્યાં ખરું નુકસાન થયું હતું તે માસિમપુર ગામે પહેંચ્યા. તા. ૭-૧-૧૯૪૭ના રોજ એ ગામમાં બાપુજી માટે રહી શકાય એવું એક પણ સ્થળ ન હતું. એટલે પેલું ઝૂંપડું ગોઠવ્યું હતું.

### મહેલ જેવી ઝૂપડી ત્યજી

આ ઝૂપડાંમાં પ્રવેશ બાદ બાપુજી પગ ધોવડાવતા હતા તે દરમિયાન બારીકાઈથી તેઓએ ઝૂપડાનું નિરીક્ષણ કર્યું. સતીશબાબુ પોતાના ઉપર કેટલો પ્રેમ રેડે છે એમ જણાવ્યું, પણ અંતે તો આ મહેલ જેવી ઝૂપડી અહીં જ રાખવી અને તેમાં દવાખાનું કે એવા જાહેર ઉપયોગમાં લેવાય તેમ બાપુએ જણાવ્યું. પોતે ગમે ત્યાં પડ્યા રહેશે અને છેવટે ઝાડ ક્યાં

જાકારો આપવાનું છે, તો ઝાડ નીચે રોકાઈશું. આ કારણે બાપુજીને હિંદુ, મુસલમાન, વણકર, હરિજન, હજામ, ખેડૂત, બ્રાહ્મણ, વાણિયા, લુહાર એમ દરેક જાતિનાં જુદાં જુદાં ઘરમાં રહેવાનું મળ્યું. એ કારણે લોકોના માનસ પણ ફર્યાં.

**ફૂલહારથી સ્વાગત**

એક દેવીપુરના ગામડામાં સ્થાનિક કાર્યકર્તાઓએ ૧૫૦ થી ૨૦૦ રૂપિયા ખર્ચીને ફૂલો અને જરી રેશમ અને લાલપીળા કાગળોનાં તોરણ બનાવી બાપુનું સ્વાગત કરવાની તૈયારી કરેલી. આ બધું જોઇ બાપુ ઘડીભર તો એકદમ ગંભીર બની ગયા. અને જે મુખ્ય ભાઇ હતા તેમને બોલાવી ઠપકો આપ્યો. આટઆટલી તમારી કત્લેઆમ પછી પણ તમને કેમ આવું સૂઝ્યું હશે તે જ સમજાતું નથી. તમારા ઉપરથી મારા સમસ્ત કાર્યકર્તાઓનો વિચાર કરું છું કે જે એક દહાડો દેશસેવક તરીકે પ્રજાના સેવક તરીકે જે કાર્યકર હશે તો આવા હારતોરા પહેરવાની અને પહેરાવવાની લાલચમાં તો નહિ પડેને?

આવી અસહ્ય વેદના બાપુને થશે એની ખબર આ કાર્યકર્તાઓને ન જ હોય. અડધા કલાકમાં બધો શણગાર ઊતરાવી નંખાવ્યો. જેટલું કામમાં લઇ શકાય એટલું લીધું. જે દોરા હારમાં હતા તેની બાપુએ દડી બનાવડાવી એ દડો ખાસ્સો મોટો બન્યો. એને સીવવાના ઉપયોગમાં લોકોને આપ્યો. આપણે જે ફીરકી વાપરીએ છીએ એવી લગભગ પંદરથી વીસ ફીરકી થાય એટલા દોરા નીકળ્યા. આ પ્રસંગ પછી જુદે જુદે સ્થળે સ્વાગત કાંતેલ સૂતરથી થતું. તેના પણ લગભગ પાંચેક તાકા થાય એટલું સૂતર એકઠું થયું. કપડું વણાવી એ ગરીબોના



ઉપયોગમાં ગયું.

વર્ષોની ગુલામી પછી દેશને આઝાદી મળે તે સમયે અમે બાપુજી સાથે કલકત્તામાં હતા. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૮ના રોજ કદાચ નોઆખલીમાં ભડકો થશે એવી બીક ત્યાંના હિંદુઓમાં હતી. એટલે બાપુ કાશ્મીરથી ત્યાં કલકત્તા જવાને નીકળ્યા. તે વખતે કલકત્તામાં હિંદુ–મુસ્લિમ રમખાણ ચાલતું હતું એટલે ત્યાંના વડાપ્રધાન શ્રી પ્રફુલ્લ ઘોષે બાપુને કલકત્તામાં બે દિવસ રોકાઈ જવા કહ્યું. બાપુ કબૂલ થયા, પણ રમખાણ તો વધ્યું જ. ૧૫મીએ તો નોઆખલી પહોંચવું જ છે એમ બાપુએ નક્કી કરી લીધું.

ત્યાં શહીદ સુહરાવર્દી સાહેબ આવ્યા એમણે બાપુને કહ્યું, 'આપ અહીંની આગ ઓલવીને નોઆખલી જાઓ. અહીં આગ બળે છે એને આપના સિવાય કોઇ ઠારી નહિ શકે.'

બાપુએ કહ્યું: 'હું એકલો તો નહિ જ ઠારી શકું. હું તમારો મંત્રી બનવા તૈયાર છું. પણ મેં તો નોઆખલીમાં વચન આપ્યું છે, એટલે મારે ત્યાં જ જવું જોઇએ. હા, એની જવાબદારી તમે લઇ લો તો અહીં રહેવા અને આગ ઠારવા બનતો પ્રયત્ન કરવા તૈયાર છું. પણ એમાં તમારે મારી સાથે જ રહેવું પડશે અને ફકીર બનવું પડશે.'

સુહરાવર્દી સાહેબે થોડી વાર વિચાર કરીને કહ્યું કે, 'નોઆખલીમાં હું માણસ મોકલું અને બનતો પ્રયત્ન કરું.'

બાપુએ કહ્યું, 'બનતો પ્રયત્ન નહિ, પણ જો બિહારમાં કંઇ થાય અને હું ઉપવાસ કરીને મરીશ એ વચન છે, તો એ જ પ્રમાણે ત્યાં કંઇ થશે તો પછી મને નોઆખલી માટે ઉપવાસ

કરવાનો હક મળી જાય છે. એનો વિચાર કરીને મને જવાબ આપજો.'

આ વાતો ૧૩મી ઓગસ્ટે થઇ. બાપુની રીત પણ કેવી છે? નોઆખલીના અત્યાર સુધીના હત્યાકાંડની અને હવે પછી ક્યારેય કંઇ પણ થાય તો એ લોકો જ જવાબદાર ઠરે એવી ભારે જવાબદારી નાખી, એટલે શહીદ સાહેબ સહેજ વિચારમાં પડ્યા. જોકે એમને માટે આ કામ મુશ્કેલ ન હતું, કારણ કે નોઆખલીમાં જે જવાબદાર મુસલમાનો હતા, જેઓ ઉપર તહોમતો હતાં, એ બધા છૂટી ગયા હતા અને શહીદ સાહેબનું માનનારા હતા.

બીજે દિવસે શહીદ સાહેબ અને એમની મંડળીના માણસો આવ્યા. બધા કબૂલ થયા કે, 'અમે નોઆખલીમાં સંપૂર્ણ શાંતિ રહેશે તે જોઇશું. પણ આપ અહીં રહો.' બધા મુસલમાન ભાઇઓએ ત્યાં જઇ ત્યાંના હિંદુઓને ન ડરવા કહ્યું અને ઊલટાની બનતી મદદ આપવા કહ્યું. સુહરાવર્દી સાહેબે બાપુજી સાથે રહેવા કબૂલ્યું અને ત્યાં સુધી કે ખાવું, પીવું, સૂવું, બેસવું બધું બાપુ સાથે જ. બંનેમાંથી કોઇએ ખાનગી મુલાકાતો પણ ન કરાવી.

જ્યાં મુસલમાનો જઇ શકતા ન હતા ત્યાં ૧૪મી તારીખે એ સ્થળ પર બેલિયાઘાટ હૈદર મેન્શનમાં રહેવા ગયા. જે દિવસે અમે ત્યાં ગયા તે દિવસે કેટલાક જુવાનિયાઓ બાપુજી ઉપર નારાજ થયા હતા કે 'તમે હિંદુના દુશ્મન છો. અહીં બેચાર દહાડામાં થોડાક મુસ્લિમો મરાયા ત્યાં તમે અહીં આવ્યા, તો અત્યાર સુધી ક્યાં હતા?' બાપુએ બધાને શાંત પાડ્યા કે હું જન્મે



હિંદુ, કર્મે હિંદુ, શું હું હિંદુનો દુશ્મન બનવાનો છું? હું તો તમારી મદદ લેવા આવ્યો છું. હું તો હવે બુઢ્ઢો થઇ ગયો છું. હું તો બંનેનો સેવક છું. મારે હવે ક્યાં જીવવું છે? ઘણી સેવા કરી. મારી આગળ સર્વ ધર્મ સમાન છે.

જુવાનિયાઓ શાંત થઇ ગયા. એ જ લોકો ગામમાં જઇ શાંતિનો સંદેશો ફેલાવવા લાગ્યા. આઝાદી મળી રાતે વાર વાગ્યે. અને સાડા અગિયાર વાગ્યે 'હિંદુ—મુસ્લિમ ભાઇ, ભાઇ, હિંદુ—મુસ્લિમ એક હો'ના ગગનભેદી અવાજ સાથે એક જ લોરીમાં હિંદુઓ અને મુસલમાનો ખભેખભો મિલાવી બાપુજી પાસે આવ્યા. આખી રાત આ વાતાવરણ રહ્યું. એકલા પુરુષો જ નહિ પણ આઝાદી લાવનાર પિતાનાં દર્શન માટે સ્ત્રીઓ અને બાળકો પણ આવ્યાં. આખી રાત બાપુજી સૂઇ ન શક્યા. નોઆખલીમાં પણ શાંતિ રહી.

બાપુજીએ ૧૫મી ઓગસ્ટના રોજ અમને ઉપવાસ કરવાનું કહેલું. મેં કહ્યું, 'પણ બાપુજી, આજે તો આપે અમને મીઠાઇ ખવડાવવી જોઇએને?' બાપુજી કહે, 'તને ખબર છેને કે હું તો લગ્ન, જન્મ કે મરણ વખતે ઉપવાસ જ કરાવું છું? એકાદશીએ ઉપવાસ કરીએ અને ભક્તિ તરફ વધુ મન જાય એ જ રીતે જવાબદારીનું ભાન ઉપવાસ દ્વારા થાય.' વળી, રેંટિયો તો આઝાદી મેળવનાર હથિયાર છે. માટે એને કેમ ભુલાય? અને મૌન પણ. એ માટે કે ઇશ્વરને પ્રાર્થના કરીએ કે આજથી તું અમને અમારી જવાબદારીનું હંમેશા ભાન કારવ્યા કરજે.

**(હરિભાવમાંથી સાદર)**

# સ્વામી રામના અનુભવો

અનુવાદક : કુન્દનિકા કાપડીયા

## એક અદ્‌ભુત સિદ્ધિ

નિઃસ્વાર્થતા એ આધ્યાત્મિક મનુષ્યનું એ પ્રમુખ લક્ષણ છે. એક વિખ્યાત સંત હતા નીમકરોલી બાબા. તે નૈનિતાલમાં રહેતા હતા. કોઇ તેમને મળવા આવે તો તે કહેતા : 'ભલે તો, મેં તમને જોઇ લીધા. તમે મને જોઇ લીધો. હવે જાઓ, જાઓ.'

એક વાર અમે બેઠા બેઠા વાતો કરતાં હતાં. ત્યાં દેશનો એક અત્યંત શ્રીમંત માણસ નોટોનું મોટું પોટલું લઈને આવ્યો ને બોલ્યો : 'મહારાજ, આ તમારે માટે લાવ્યો છું.'

બાબાએ નોટો પાથરી ને તેના પર બેઠા પછી કહ્યું : 'ગાદી તરીકે આ કંઇ બહુ સગવડવાળું નથી લાગતું. વળી મારી પાસે ચૂલો નથી, તેથી તાપણા માટે તેને બાળી શકાય તેમ પણ નથી. મારે એનો કંઇ ખપ નથી. હું એનું શું કરું?'

પેલાએ કહ્યું : 'મહારાજ, આ પૈસા છે.'

બાબાએ પૈસા પાછા આપી થોડાં ફળ લઇ આવવા કહ્યું. શ્રીમંત માણસે કહ્યું : 'મહારાજ, અહીં ક્યાંય બજાર નથી.'

'તો પછી તું શાથી કહે છે કે એ પૈસા છે?' બાબાએ કહ્યું, 'એનાથી ફળ ન ખરીદી શકાતાં હોય તો મારે માટે એ પૈસા નથી.' પછી પૂછ્યું : 'મારી પાસેથી તને શું જોઇએ છે?'

'મને માથાનો દૂખોવો છે.'

બાબાએ કહ્યું : 'એ તો તેં તારી મેળેજ ઊભો કર્યો છે. હું તારે માટે શું કરી શકું?'

એણે વિરોધ કર્યો : 'બાબા, હું તમારી મદદ માટે આવ્યો



છું.'

બાબા જરા નરમ પડ્યા. 'ભલે, હવેથી તને માથાનો દુખાવો નહિ થાય પણ તું પોતે હવેથી બીજાઓ માટે માથાનો દુખાવો બનીશ. તું એટલો બધો શ્રીમંત બનીશ કે દુઃખી દુઃખી થઇ જઇશ અને તારી આખી બિરાદરી માટે તું શિરદર્દ થઇ પડીશ.' અને ખરેખર આજે પણ એ માણસ એની આખી નાત માટે માથાના દુખાવા જેવો છે.

દુનિયામાં સરખી રીતે જીવવા માટે થોડા પૈસા હોવા એ એક જરૂરી સાધન છે એ ખરું, પણ જરૂર કરતાં વધારે પૈસાનો સંગ્રહ કરવો એ પાપ છે, કારણ કે એ દ્વારા આપણે બીજાઓને વંચિત કરીએ છીએ અને સમાજમાં અસમાનતા ઊભી કરીએ છીએ.

નીમકરોલી બાબા રામના ભક્ત હતા. તે હંમેશા કોઇ મંત્ર રટતા રહેતા, જે કોઇ સમજતું નહોતું. ઉત્તર ભારતમાં ઘણા લોકો તેમની પાછળ પાછળ ફરતા તેમની રીતો ઘણી ગૂઢ હતી. કોઇ તેમને મળવા આવે તો કહેતાઃ 'ફલાણા ફલાણા ઝાડ નીચે બેસીને તમે ફલાણા જણને મારી વિરુદ્ધ વાતો કહેતા હતા.' તે ચોક્કસ દિવસ અને સમય કહેતા. પછી કહેતાઃ 'હવે તમે મને જોઇ લીધો જાઓ, જાઓ.' અને પછી તે કામળાથી પોતાને ઢાંકી દેતા.

એક દવાવાળો બાબાનો ભક્ત હતો. તે એક દિવસ તેમને મળવા આવ્યો. હું પણ ત્યારે ત્યાં હતો. બાબાએ પૂછ્યુંઃ 'મને ભૂખ લાગી છે. તું શું લઇને જાય છે?'

દવાવાળાએ કહ્યુંઃ 'આ તો સોમલની ભૂકી છે. થોભો. હું તમારે માટે કંઇક ખાવાનું લઇ આવું.' પણ બાબા તો એના હાથમાંથી ભૂકી ઝૂંટવીને મૂઠ્ઠી ભરીને ખાઇ ગયા. પછી તેમણે એક પ્યાલો પાણી માગ્યું. પેલાને તો થયું કે ઝેરથી બાબા મરી જ

જશે, પણ તે તો બીજા દિવસે તદ્દન સ્વસ્થ હતા. બાહ્ય દુનિયાનું તેમને બહુ ભાન નહોતું. આપણે એમને પૂછીએ કે તમે જમ્યા છો? તો તે 'હા' કે 'ના' કહેતા. પણ તેનો કાંઈ અર્થ ન રહેતો. તમારું મન બીજે હોય તો તમે દિવસમાં ઘણી વાર ખાઓ તોયે ભૂખ્યા જ રહો. એમના સંબંધમાં મેં આવું જોયું હતું. જમ્યા પછી પાંચ મિનિટ પછી તે કહેતાઃ 'મને ભૂખ લાગી છે.' કારણ કે તેમને ખ્યાલ ન રહેતો કે તેમણે હમણાં જ ખાધું છે.

હું તેમને ત્યારે કહેતો : 'તમે જમી લીધું છે.'

તે જવાબ આપતા : 'અચ્છા, તો પછી મને ભૂખ નથી લાગી.'

હું જો તેમને એમ ન કહું તો તે ખાતાં અટકત જ નહીં. એક દિવસ મને થયું, ચાલ જરા જોઉં, તે કેટલી વાર ખાય છે. એ દિવસે તેમણે જુદા જુદા ઘરે જઈને કુલ ૪૦ વાર ખાધું. આખો દિવસ ખાધા જ કર્યું. મારે એમની શક્તિઓ જોવી હતી અને મારી ઈચ્છા તે જાણતા હતા. છેવટે મેં કહ્યુંઃ 'તમે પૂરતું જમ્યા છો.'

તેમણે કહ્યુંઃ 'એમ?'

મેં કહ્યુંઃ 'હા.'

આવી ઉચ્ચ દશામાં મનુષ્ય બાળક જેવો બની જતો હોય છે. દુન્યવી વસ્તુઓનું તેને ભાન નથી હોતું. નિરંતર સત્યમાં જ તેની જાગૃતિ હોય છે.

## માતા—ગુરુ

એક વાર હું એક માતાજીને મળવા આસામ ગયો હતો. એ વખતે તેમની ઉંમર ૯૬ વર્ષની હતી અને કામાખ્ય નામે ઓળખાતા એક વિખ્યાત શક્તિ—મંદિરની બાજુમાં તે રહેતાં



હતાં. કલકત્તાથી હું ગૌહાટી અને ત્યાંથી ચાલતો કામાખ્ય ગયો. અંધારામાં ઠેબાં ખાતો હું મોડી સાંજે મંદિરે પહોંચ્યો. તે વખતે મંદિર નજીક લાકડાનાં ત્રણચાર નાનાં ઘર હતાં. મંદિરના પૂજારીએ મને માતાજી રહેતાં હતાં એ જ મકાનમાં ઉપલા માળે રહેવાનું કહ્યું. મારા રૂમમાં ઘણાં બાકોરાં ને તિરાડો હતાં અને તેમાંથી ઉંદર ને સાપ આવતા. એ બધું ભયંકર હતું પણ મારી પાસે બીજો ઉપાય નહોતો. જ્યાંત્યાંથી કપડાંનાં ચીંથરાં લઈ આવી હું એ બાકોરાં પૂરી દેતો. એ રૂમમાં હું બે મહિના રહ્યો. શરૂ શરૂમાં ઘણાં આશ્ચર્યો અને આઘાતો અનુભવ્યા, પણ મારા નિવાસના છેલ્લા તબક્કામાં મને ઘણો આનંદ મળ્યો.

વીસ વરસથી એ માતાજી દિવસ દરમ્યાન ઘરની બહાર નીકળ્યાં નહોતાં, પણ નિયમિત રીતે તે રાતના બાર વાગ્યે અને ત્રણ વાગ્યે મંદિરમાં જતાં. પહેલી ચાર રાતોએ તો હું મારા રૂમમાં જ રહ્યો પણ પાંચમી રાતે હું બહાર નીકળી મંદિર તરફ ગયો. એ અજવાળી રાત હતી. મંદિરના દરવાજે હું પહોંચ્યો ત્યારે અંદરથી કોઈ મંત્રગાન કરતું હોય એવું સંભળાયું. એ પેલાં માતાજી જ હતાં. મંદિરમાં તે એકલાં એક દીવો સળગાવીને બેઠાં હતાં. ઉત્તર ભણીના દરવાજા પાસે હું ઊભો છું એવો તેમને ભાસ થતાં જ તેમણે મોટેથી દૃઢ અવાજે કહ્યુંઃ 'અંદર આવતો નહિ. તું મરાઈ જઈશ. હું જગદંબા છું. અહીંથી જતો રહે.' હું ભય પામ્યો, પણ સાથે એ નાનકડા મંદિરની અંદર શું ચાલે છે તે જાણવાનું કુતૂહલ પણ મને થયું.

મેં અંદર ડોકિયું કર્યું. તે ઊઠીને મારી તરફ દોડ્યાં. તે તદ્દન નિર્વસ્ત્ર હતાં — તેજસ્વી ત્વચામાં વીંડાળેલું હાડકાનું જાણે

માળખું. તેમની આંખો અંગારાની જેમ ચમકતી હતી. તેમણે મોટેથી કહ્યું : 'જતો રહે. હું શું કરું છું તે શા માટે જુએ છે?'હું ભય ને આદરથી તેમને નમી પડ્યો. મને એમ કે તે શાંત થશે, પણ તેમણે તો મને સોટી મારીને કાઢી મૂક્યો.

બીજે દિવસે સવારે તેમણે મને બોલાવી મારી સાથે વાતો કરવા માંડી. મેં કહ્યું : 'મને તમારા આશીર્વાદ જોઈએ છે.'

તે થોડીક ક્ષણો મૌન રહ્યાં. પછી તેમણે મને મારા હુલામણા નામે બોલાવ્યો, જે નામની મારા ગુરુદેવ સિવાય કોઈનેય ખબર નહોતી. તેમણે મને તેમના ખોળામાં બેસાડ્યો. પછી મને શું થયું, ભગવાન જાણે, પણ ખરેખર જો સાતમા સ્વર્ગ જેવું કાંઈ પણ હોય તો હું એમાં હતો. મારા માથા પર ટપલી મારતાં તેમણે કહ્યું : 'માર્ગમાં તને ઘણાં વિઘ્નો આવશે પણ તું તે પાર કરી જઈશ. જા, મારા આશીર્વાદ છે.'

મેં કહ્યું : 'પણ મારે અહીં થોડો વખત રહેવું છે.' તેમણે સંમતિ દર્શાવી. મેં તેમને પૂછ્યું કે રાતના ત્રણ વાગ્યે મંદિરમાં એકલાં તેઓ શું કરે છે? તેમણે કહ્યું : 'હું શક્તિપૂજા કરું છું. અને ત્યારે કોઈ મારી પાસે ન જોઈએ.' રાતના બારથી બે અને પછી ત્રણથી સાડાચાર કોઈ મંદિરમાં જતું નહિ.

રોજ સાંજે તેમની પાસે અડધો કલાક બેસવાની તેમણે મને છૂટ આપી. હું તેમની સમક્ષ બેસતો ત્યારે જાણે મારા ગુરુ પાસે બેસતો હોઉં એમ મારી આખી ચેતના ઊંચકાઈ જતી. મેં તેમને મારાં માતા—ગુરુ તરીકે સ્વીકાર્યાં. મારે તેમને ઘણું પૂછવું હતું, પણ તે મને મૌન રહેવાનું કહેતાં અને એમાં જ, મને મારા પ્રશ્નોનો ઉત્તર મળી જતો. કોઈ પણ પ્રકારના શિક્ષણ કરતાં આ



મૌનમાં સંભાષણ વધુ થતું. જ્ઞાનની ઉચ્ચ કોટિને પામેલા ગુરુઓ મૌન દ્વારા જ જ્ઞાન આપતાં હોય છે.

માતાજી મૃદુ હોવા છતાં ઘણાં શક્તિશાળી હતાં. તેમની ઈચ્છાશક્તિ ગજબની હતી. મેં નોંધ્યું હતું કે તે જે કાંઈ કહેતાં તે સાચું પડતું. કોઈ તેમની પાસે મદદ માટે આવે તો તે ભાગ્યે જ ઝાઝું બોલતાં. માત્ર એકાદ વાક્ય કહેતાં: 'તથાસ્તુ.' 'આશીર્વાદ છે.' 'જગદંબાને પ્રાર્થના કર.' અને પછી તે પોતાના રૂમમાં ચાલ્યાં જતાં.

મેં સાંભળ્યું કે આ માતાજી આખી રાત ધ્યાનમાં બેસી રહે છે અને સૂતાં નથી, એટલે મેં તેમનાં બારણાંની તિરાડમાંથી નજર માંડી એની ખાતરી કરી. એ માટે મેં ત્રણ દિવસ ને ત્રણ રાત નિરીક્ષણ કર્યું. મને જણાયું તેઓ ક્યારેય સૂતાં જ નથી.

એક દિવસ મેં તેમને કહ્યું: 'માતાજી, તમે આડાં પડો તો હું તમને હળવેથી માલિશ કરી આપું. તમને સરસ ઊંઘ આવી જશે.'

તે હસ્યાં: 'ઊંઘ? મને એની જરૂર નથી. હું તમસ અને જડતાથી પર છું. હું ઊંઘ વગરની નિદ્રા માણી શકું છું. એ માટે મારે સૂઈ જવાની જરૂર નથી. જે યોગનિદ્રાનો આનંદ માણી શકે તેને ભૂંડની ઊંઘની શી જરૂર?'

મેં પૂછ્યું: 'એટલે?'

તેમણે કહ્યું: 'ભૂંડ પોતાની શક્તિથી વધારે ખાય છે અને પછી લાંબાં થઈને ઘોરે છે. તેઓ આટલું બધું કેમ ઊંઘી શકતાં હશે, એની મને નવાઈ લાગે છે.' પછી તેમણે મને ઊંઘની આખીયે પ્રક્રિયા સમજાવી. મને પૂછ્યું કે માણસ કઈ રીતે

જાગ્રત–અવસ્થામાંથી સ્વપ્ન–અવસ્થામાં અને પછી સુષુપ્તિમાં જાય છે તે હું જાણું છું કે નહિ? તેમણે મને વ્યવસ્થિત રીતે પાઠ ભણાવવા માંડ્યા. તે પછી જ હું માંડુક્ય ઉપનિષદ સમજી શક્યો. તેમાં મનની ત્રણ અવસ્થા સમજાવવામાં આવી છેઃ જાગૃતિ, સ્વપ્ન, સુષુપ્તિ અને ચોથી અવસ્થા છે તુરીયા, જે પારની અવસ્થા છે. માંડુક્ય બધાં ઉપનિષદોમાંથી સૌથી મહત્ત્વનું અને સૌથી અઘરું ગણાય છે. તે વાત કહેતાં અને હું લખી લેતો. એ રીતે મારી નોંધનાં સિત્તેર પાનાં મેં ભર્યાં છે. તેઓ ધીમી મૃદુ વાણીમાં બોલતાં, તેમાં ભૂલ કે પુનરાવર્તન થતાં નહિ. ઉપનિષદ પર તેમણે વ્યવસ્થિત ભાષ્ય આપ્યું અને એ હું બૌદ્ધિક રીતે સમજ્યો, પણ એનો ખરો મર્મ તો મેં આ ચાર અવસ્થા વિશે જાગ્રતપણે અભ્યાસ કરવા માંડ્યો ત્યારે જ સમજાયો.

અઢી મહિના પછી વિદાય લેવાનો દિવસ આવ્યો. હું ખૂબ ઉદાસ હતો, પણ તેમણે કહ્યું : 'મારા ભૌતિક શરીર અને વ્યક્તિત્વમાં માતૃત્વની પ્રતિમા આરોપી તેના પ્રત્યે આસક્ત થઈશ મા. હું તો જગદંબા છું અને તે સર્વત્ર છે. તારી ચેતનાને મારા નાશવંત શરીરથી પર કરતાં શીખ.' મેં આંસુભરી આંખે તેમના ભણી જોયું. તેમણે કહ્યું : 'નિર્ભય બન. હું તારી સાથે જ છું.' મેં તેમની વિદાય લીધી અને મારા હિમાલયના નિવાસે હું પાછો આવ્યો. મારા ગુરુનો આ માતાજી વિશે ઘણો ઊંચો અભિપ્રાય હતો.બાર વર્ષની ઉંમરથી તેઓ એ મંદિરના વિસ્તારમાં રહેતાં હતાં., તે છેક ૧૦૧ વર્ષની ઉંમરે તેમણે દેહ છોડ્યો ત્યાં સુધી ત્યાં જ રહ્યાં.



# શ્રદ્ધાંજલિ

–તંત્રી

*જય જય શ્રી જ્યોતિર્મયી માત,*
*વંદુ તુજને વારંવાર.*

તા. ૪ ઓક્ટોબર એટલે પ.પૂ.મહાત્માશ્રી યોગેશ્વરનાં પૂ.માતાજી જ્યોતિર્મયીનો નિર્વાણદિન. આજથી ૩૦ વર્ષ પહેલાં પૂ.માતાજીએ ભાવનગર ખાતે પૂ.મહાત્માજી અને પૂ.મા સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં પોતાના ભૌતિક શરીરનો પરિત્યાગ કરેલો.

પૂ.માતાજી એ કેવળ પૂ.મહાત્માજીનાં જન્મદાત્રી જ ન હતાં, પરંતુ તેઓનાં તપ, વ્રત અને એકાંત સાધનાઓનાં પ્રત્યક્ષ સાક્ષી હતાં. દુનિયાના મહાતપસ્વીઓમાં ભાગ્યે જ જોવા મળે. એવું વિરલ સૌભાગ્ય પૂ.મા જ્યોતિર્મયી આમ પામ્યાં હતાં.

તો સામેપક્ષે પ.પૂ.મહાત્માજીએ માતાને ત્યાગી બન્યા પછી પણ ૩૨ વર્ષ સુધી પોતાની સાથે જ રાખ્યાં, દેશ–વિદેશની યાત્રાઓ પણ કરાવી ને તેઓના છેલ્લા શ્વાસ સુધી તેઓની સેવા સુશ્રુષા પણ કરી, સ્ત્રીનું સાન્નિધ્ય આધ્યાત્મિક સાધનામાં બાધક છે, તે માન્યતાને તેઓએ ખોટી ઠેરવી એ રીતે કે દરેક સ્ત્રી એ મા જગદંબાનું પ્રગટ સ્વરૂપ છે એવો ભાવ રાખવામાં આવે તો તે કદી બાધક બનતી નથી. એથી ઉલટું સાધનામાં સુગમતા રહે છે. સહાય મળે છે.

હે માતાજી, આપ સાચે જ જગજનની હતાં આપે સાચે જ પૂ.શ્રીને પુત્રભાવે જોવાને બદલે એક મહાપુરુષ માની તેમને

હંમેશાં વદતાં રહ્યાં. આપના દિલની સાંસારિક ભાવથી ઉપર ઊઠી, પૂ.શ્રીને મહાપુરુષ તરીકેની વંદના—એ અમારા સહુ માટે પણ પ્રેરણાસ્પદ છે. પૂ.ગુરુદેવ તેમજ આપના આશીર્વાદ અમો સહુ પર સતત ઉતરતા જ રહો એવી પ્રાર્થના છે.

જે નિયમિત પ્રભુ માર્ગે છે તે 'મા' પાસે આવ્યા વગર રહી જ ન શકે. **—મા**

ધ્યાન વખતનો માનવ વ્યવહાર વખતના માનવથી જુદો ના હોવો જોઈએ.

—યોગેશ્વરજી

બરાબર કસ કાઢીને બધા સંબંધ બાંધવા.

— મા


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# પ.પૂ.માશ્રી સર્વેશ્વરીનો અડસઠમો જન્મદિન

**—તંત્રી**

પ.પૂ.માશ્રી સર્વેશ્વરી તા.૧૩ નવેમ્બરના દિને અડસઠમા વર્ષમાં પ્રવેશ પામશે. તેઓના જીવનનું સડસઠમું વર્ષ યાદગાર અને અનોખું બની રહ્યું. આ વર્ષ દરમ્યાન પૂ.માના તેર કરોડ જપનો સંકલ્પ પૂરો થયો. એવું લાગ્યું જાણે પૂ.ગુરુદેવ પ્રભુએ આવા મહા કપરા તપ માટે આ કળીયુગમાં પૂ.મા જેવા તપસ્વીની પસંદગી કરી. એ શરીરને ખૂબ મહિમા ધર્યો. પૂ.માની દઢતા, નિર્મોહિતા, અનાસક્તિ અને વ્રતનિષ્ઠા કેવી અદ્ભુત છે, તેનું દર્શન તેર કરોડ જપ કરાવી દુનિયાને કરાવ્યું.

હે મા! જેઓ આ તપના સાક્ષી બન્યા તેઓ ખરેજ ધન્ય બન્યા. જે ધરા અને સ્થાનો એનાં સાક્ષી બન્યાં તેઓ પણ એટલાં જ ધન્ય બન્યાં. તો યોગેશ્વર પરિવારના જે સભ્યોએ દૂર રહ્યે રહ્યે આ સમાચાર સાંભળ્યા, તેમજ મૂકપણે આ મહા તપયજ્ઞમાં પોતા તરફથી સાધના દ્વારા આહુતિ આપી તેઓ પણ ધન્ય થયાં.

પૂ.માના એ તપઃપૂત શ્રી વિગ્રહને અમારા કોટિ કોટિ વંદન.

"હે મા, નવા અડસઠમાં જન્મદિનના પ્રારંભે અમે સહુ સાધકભાઈ બહેનો આપને ખૂબ લાંબું આરોગ્યપ્રદ આયુષ્ય ઈચ્છીએ છીએ. ને આપ દ્વારા દેશ અને દુનિયાના દુઃખી તથા દુનિયા અધ્યાત્મ પિપાસુ જીવો તૃપ્તિ પામતા રહો. તેવી કૃપા પૂ.ગુરુદેવ પ્રભુ આપના પર કરતા રહો તેવી મંગલ કામના."

# વિદેશની ધરતી પર પૂ.માની યાત્રા

**મા સર્વેશ્વરી**

**૨૧/૭/૦૮ ટૂરો થી બડેક**

ગઇરાતની ગરબાની મોજમાં પેલા નાનકડાં બે બાળકો કૌશલ ને શુકન, ભાઇ અપુ, મહુ, ધ્રુવ, અર્જુન, જનક જોડે અદ્‌ભુત રીતે ઘૂમતા હતા. નાનકડા એ બંને ૐમા રક્ષ મામ્ મંત્રથી જે ગરબા લેતા હતા, તે સાચે જ સૌનું ધ્યાન દોરે તેવા હતા.

બાળકો યાત્રામાં મસ્ત બનીને જીવી રહ્યાં છે. ગરબા પણ ગાય છે. ક્રિકેટ પણ રમે છે, પ્રાર્થના પણ કરે છે. અરે, પોતાની રીતે વિચારે પણ છે. અન્ય સૌને જોતા જોતા થોડા થોડા સ્વાશ્રયી બનવાનું પણ શીખી રહ્યાં છે. અરે, એ બંનેએ ગુરુપૂર્ણિમાએ મૌન લીધું હતું. થોડાક કલાકનું મૌન સફળતાથી પાર પાડ્યું. અરે, ફળાહાર ઉપર પણ રહી શક્યા. સારી તાલીમ મળી રહી છે.

આજે તો માર્ગમાં હરીયાળી ધરતી માની ચારેતરફ જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં લીલુંછમ આંખને, મનને અંતરને પ્રસન્ન કરે તેવું વાતાવરણ મન મૂકીને માણ્યું.

અને એ માણતાં માણતાં બે લીટી સ્ફૂરી છે.

**લીલી ચાદર ઓઢીને સહુ,**
**વાટ જુએ પ્રભુ તારી.**

આખી પ્રકૃતિ જાણે સોળે શણગાર સજી પોતાના પ્રિયતમની વાટ જોઇ રહી છે. શણગાર સજ્યા એ જ એની સાધના છે.



એક નાનો છોડ ધીમે ધીમે વૃક્ષ બને, ફૂલ ધરે—ફળ ધરે તો તે આખી પ્રવૃત્તિ તપ જ ગણાય ને! એ રીતે દરેક તત્ત્વ તપી તપીને પોતાના સ્વજન સ્વામીને પામવા પ્રતીક્ષા કરી રહ્યું છે.

બીજી બે લીટી લખાઇ :—

**પ્રેમની પાવન પગદંડી પર,**
**પરમેશ્વર તું પધારજે.**

અને તે પછી તો બીજી ચાર પાંચ લીટી લખાઇ છે.

**ટાઢ, તાપ છે સાથી મારા,**
**સરિતા સાગર સાથે—**
**એક પગે ધ્રુવજી બની ઊભા**
**વૃક્ષો તપે તારે કાજે—**
**ફળફૂલ સાથે પ્રકૃતિ આખી**
**સજે સાજ તારે કાજે—**
**સૂર્યમંડળની સાક્ષીએ સહુ**
**તપે છે તારે કાજે—**
**સર્વેશ્વરી પણ વ્રત તપ વાટે**
**ઊભી સૌની સાથે.**

યાત્રા ચાલુ છે, તો કલમ પણ ચાલુ છે, તો સાથે ગાનારા, ઝીલનારા પણ તૈયાર જ છે.

શ્રી નિર્મલ, નયના, રાજુભાઇ, ગીતા સૌએ રાગમાં ગાયું છે. પછી તો ભાઇ રાજુ ને નિશા બન્નેએ એને બસમાં વહેતું કર્યું. રાજુનો પહાડી રાગ, નિશાનો કોકિલ કંઠ બન્ને કંઠથી જાણે આ હરતું ફરતું હરિરથનું એકએક અંગ ગાતુ થઇ ગયું. જાણે યાત્રીઓ સાથે આ જડ મનાતી બસ અરે, રસ્તા જેને માટે લખાયું

તે બધાં જ પ્રાકૃત્તિક તત્ત્વો પણ ભાઇ રાજુ ને નિશાના કંઠને વધાવતા ગાતા હોય એવું લાગ્યું.

જાણે યાત્રાની આ બીજી પદ પ્રસાદી શ્રી હરિએ ધરી દીધી.

શ્રી હરિની જાણે આમંત્રણ પત્રિકા લખાઇ. બધાં જ તત્ત્વોની એક સામૂહિક પ્રાર્થના અને સાધનાની સજ્જતાનું જાણે અહીં વર્ણન હતું.

માર્ગમાં ઓલ્ડસ્કોપ નામનું નાનકડું ગામ આવ્યું. ત્યાં હાઇ–વે ઉપર જ આનંદ એન્જીનીયરીંગનું બોર્ડ વાંચવા મળે છે.

અહીં એક જ ભારતીય પરિવાર રહે છે. વરસોથી અહીં જ છે. ભારતીય પરિવારો ૩૦,૪૦ હતા પણ કાળક્રમે સૌ શહેરમાં પહોંચ્યાં. હમણાં એક જ પરિવાર છે.

આ ગામમાં ડૉ. ગૌતમ રહેતા હતા, તેની ત્રણ માસની નાનકડી દીકરી ગુજરી ગઇ. તો તેની સ્મૃતિમાં નાનકડી ટેકરી ઉપર એક મંદિર તેમણે બનાવ્યું છે, જેમાં માત્ર ને માત્ર શ્રી કૃષ્ણ જ પ્રતિષ્ઠિત થયા છે.

નાનકડું શાંત મંદિર ૧૦૦ ભક્તો બેસી શકે એવડો આગળનો ભાગ, નીચે એવડો જ હોલ. આપણી બસ અહીં હાઇ–વેની અંદરના શાંત ભાગમાં આવીને ઊભી છે.

જ્યાં જઇએ ત્યાં સંકીર્તન તો હોય જ. અહીંના આસપાસના ૫૦, ૬૦ માઇલના વિસ્તારમાં જે જે ભારતીય છે, તે તે શનિ રવિ કે જન્માષ્ટમી, નવરાત્રિના પ્રસંગે મંદિરમાં આવે છે.

એ મંદિરનો વહીવટ, સંભાળ શ્રી આનંદ જ લે છે, એક જ પરિવાર છે, છતાં હિંદુધર્મની જીવંત જ્યોત બનીને અહીં શ્રી હરિને સંભાળી રહી છે.



અહીં લગભગ બે કલાક વિશ્રામ થયો છે. સ્વામી રામની DVD પણ સૌ જુએ છે. વળી સ્વામી વિવેકાનંદની DVD પણ સૌ માણે છે. બસમાં સાથે જ અલ્પાહાર તૈયાર હતો, એટલે તે પણ સૌ લઇ લે છે.

મંદિરના દ્વારેથી જ દૂર દૂર સરોવર, પહાડ, વનરાજીનું પ્રાકૃતિક સૌંદર્ય માણી શકાય છે.

કેનેડા એટલે જાણે પ્રાકૃતિક સૌંદર્યની પ્રસાદી—એવું આ જુલાઇ માસ છે માટે લાગે છે.

રાતે બડેક આવી ગયા. સરસ શાંત સ્થળ છે. રાતની બેઠકમાં લીલકી ફિલ્મ સૌ માણે છે. નિયમિત પ્રાર્થના તો થાય જ છે. હે મારા નાથ પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

ચોવીસ કલાક પ્રભુ ભજન સાધના માટે જ છે.
— મા

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ.શ્રીમાની સંનિધિ—સાગરના હરિરસમાં સ્નાન

ડૉ.બી.જે.જાગાણી

સ્વર્ગારોહણ તીર્થમાં સહુમાં રહેલી સૂતેલી શક્તિઓને પ્રગટવાની, ખીલવાની, બહાર આવવાની તક મળે છે. કહો કે પૂ.શ્રીમાની સંનિધિમાં સૂતેલી ચેતના જાગી જાય છે ને વિશ્વમાં વ્યાપક બનવા થનગની ઊઠે છે.

જેમ એક પુષ્પ ફળીમાંથી પ્રગટે છે, કોશેટામાંથી સરસ મજાનું પતંગિયું પ્રગટે છે, બીજ પોતાનું અસ્તિત્વ છોડીને અંકુરિત થઈને નાનકડો છોડ બની વૃક્ષ બને છે, બાળક મોટું થઈને વિરાટને મળવા મહાન બને છે, સૂર્ય ઉષાના કિરણોથી સજ્જ બની મધ્યાહ્નને સમગ્ર આકાશને પોતાના તેજથી ભરી દે છે. ઝરણાંઓ એકત્રિત થઈને મહાન નદીનું રૂપ ધારણ કરી લે છે. એ બધાં જ મહાન બનવાની, પ્રગટવાની, ખીલવાની, વિકસવાની જાણ્યે અજાણ્યે હરિફાઈ સત્, અક્ષય, અક્ષરના સહારે કરે છે. બસ! એ જ રીતે પ્રગટીને પૂર્ણ થઈને વિલસી રહેલાં આપણાં પૂ.શ્રીમાની સંનિધિમાં નાના—મોટા, આબાલ—વૃદ્ધો પોતાનું અસ્તિત્વ છોડીને પ્રગટમાં ભળવાની, ઓગળવાની, તેને માણવાની એક અદૃશ્ય હરિફાઈ કરી ખીલી રહ્યાં છે.

સત્કર્મ તો એક નિમિત્તે છે એ ખીલવાની હરીફાઈનું. સુપાત્રોને ભૌતિક વસ્તુઓ મળે છે. સત્કર્મમાં શક્તિ મુજબ



યોગદાન આપનારાંઓને સત્કર્મનો આનંદ મળે છે પણ મોટી વાતતો એ છે કે માનવ જીવનનું લક્ષ્ય શું છે તેની સહજ સમજ પણ મળી જાય છે.

શું છે તે લક્ષ્ય! બસ! એક જ. તે લક્ષ્ય પરમાત્માના થઈ જવાનું, તે લક્ષ્ય ભગવાનના થઈ જવાનું, તે લક્ષ્ય સૌમાં પ્રભુના અસ્તિત્વને જોવાનું ને માણવાનું. તે લક્ષ્ય પોતે ખીલવાનું ને બીજાને ખીલવામાં મદદ કરવાનું. આ બધુ સ્વર્ગારોહણમાં પૂ.શ્રીમાની સંનિધિમાં સહજ રીતે થઈ જાય છે. તેમાં કોઈ પ્રયાસ કરવો પડતો નથી.

તા.૩૦—૧૨—૦૯ ની રાત્રીની બેઠકની તૈયારી થઈ રહી છે. બેઠકમાં પૂ.શ્રીમા પધારે છે. રાસ લેવાની તૈયારી યુવા બહેનો કરી રહી છે. રાસ વિશિષ્ટ છે. ગરબો છે ને તેમાં દીવાઓ મૂકાય છે. ભારત ને વિદેશની બહેનોએ રાસ ખૂબ સરસ લીધો. જે ખૂબ ગમે તે બેવડાય. પૂ.શ્રીમાએ એ રાસ Once More ફરી વખત કરાવ્યો. હા! અહીં જ સ્વર્ગારોહણમાં વૃંદાવનનો સદીઓ પુરાણો રાસ નવા સ્વરૂપે લેવાયો ને સૌએ તે માણ્યો. રાસ લીધો તે રાધા બની ગઈ. જોનારા ભક્તો થઈ ગયા. અને આપણાં પૂ.શ્રીમા તેના ઈષ્ટ બની સૌમાં શક્તિ સ્વરૂપે સંચરી રહ્યાં. દર્શન આપી રહ્યાં, સૌને પ્રેરી રહ્યાં. નિર્દોષ હાસ્યની છોળો સૌના પર વરસાવી રહ્યાં. તરત જ સ્લેટ પર પ્રેરણાનાં પુષ્પો સરી પડ્યાં ને પૂ.શ્રીમા તે પુષ્પો સૌને આપી રહ્યાં છે.

મા : ‘‘ખૂબ સરસ રીતે ગરબા પર્વની પૂર્ણાહૂતિ થઈ. ત્રણ ચાર ગરબાને વિવિધ રીતે રજૂ કરીને નવરાત્રીનું સ્મરણ કરાવ્યું.

આ રીતે જીવનમાં આવતા દરેક પ્રશ્નો જોડે રાસ રમીને હસતાં રહેજો. 'સબસે ઊંચી સ્વર્ગારોહણની સગાઈ' એ સાચું લાગે છે. અહીં દરરોજ શ્રી રાજુકાકા તરફથી લક્ષ્મીજીનો પ્રસાદ મળતો રહે છે. રાજુભાઇ ને વિજયભાઇ બંને વારાફરતી પોતાની અંગત રકમ રાતના કાર્યક્રમ માટે ધરી રહ્યા છે. સત્કર્મ પર્વ, મૈત્રી પર્વ પણ બની ગયું છે. શ્રી હેમલભાઇએ ગરબાની સી.ડી. બનાવી છે એક મહિના પહેલાં. તે સી.ડી. આજે સફળ થઇ.''

ભક્તો મુક્તકંઠે રાસ રમનારી બહેનોની પ્રશંસા કરી રહ્યા છે. પૂ.શ્રીમાએ પ્રેરણાના પુષ્પોથી સૌ બહેનોને પ્રેરણા ધરી છે. એટલામાં તો વિદેશના એક યુવાન શ્રી અંકિતને બોલવાનું પૂ.શ્રીમા કહે છે. રાસમાંથી પ્રવચન. હા! પ્રવચન પણ અનુભૂતિનું ને પૂ.શ્રીમાના થઇ જવાનું. પૂ.શ્રીમાની સંનિધિમાં ભજવાતા વિશ્વનાટકનો એક ભાગ પૂર્ણ ને બીજો શરૂ. આવું અનંત નાટક ચાલ્યા જ કરે છે.

**અંકિત :** ''ગુજરાતી કલ્ચરમાં પરિવારનું મહત્ત્વ છે. આધ્યાત્મિક પ્રસંગ પરિવાર સાથે ઉજવે. અહીં મોટા પરિવાર જેવું લાગ્યું. માનો પ્રેમ મળ્યો. સૌ કોઇ પૂ.શ્રીમાનું કામ કરવા ઉત્સુક છે. મોટા મોટા માણસોને મળ્યાનો આનંદ થયો. સત્કર્મોના પર્વમાંથી ઘણું શીખ્યો. મેડિકલ સ્ટુડંટ છું. અહીં દરદીઓ મળ્યાં એટલે થયું કે ભણીને અહીં સેવા કરવા આવીશ. મા માટે કામ કરીશ. આવું કામ કરનારની પ્રશસ્તિ થાય છે.''

હવે પૂજા (શ્રી નયનાબહેન જગદીપભાઇની પુત્રી) પણ બોલવા ઊભી થાય છે. પૂ.શ્રીમા પૂજાને બોલવા પ્રેરણા આપે છે. પૂ.શ્રીમાની ડાયરીમાં આ પૂજાનો ઉલ્લેખ ઘણી જગ્યાએ આવે છે. અધ્યાત્મના વાચકોને એ ખ્યાલ હશે.



**પૂજા :** ''અહીં સત્કર્મ પર્વમાં આવી તો આશીર્વાદનાં પોટલાં મેળવી લીધાં. અહીં વિચારોની આપલે થઇ. ગઇકાલે રાત્રે કુટિયામાં અવર્ણનીય શાંતિ હતી. કુટિયામાં મા—પ્રભુનાં સરસ સ્વરૂપો છે. એવાં સ્વરૂપો સાથે જીવનમાં મિત્રતા રાખીશ. મેડિકલનું ભણીને ભારતમાં સેવા કરવા આવીશ. ભારતની ગરીબી ને અમેરિકાની ગરીબીમાં તફાવત છે. અમેરિકાના ગરીબોને ખૂબ સુવિધા મળે છે. અહીંના ગરીબોની સેવા કરીશ. ૭ દિવસ પલકોના ઝબકારામાં પૂર્ણ થઇ ગયા. પૂ.શ્રીમાને પ્રાર્થના છે કે અહીં વહેલાં બોલાવે.''

હવે પાર્થભાઇને પણ પૂ.શ્રીમા બોલવા કહે છે. પાર્થ ને પૂજા ભાઇ—બહેન છે. અહીં સત્કર્મ કરવા અમેરિકાથી આવ્યાં છે. શ્રી જગદીપભાઇ—નયનાબહેનના જીવનરૂપી બગીચાના ખીલતાં પુષ્પો છે.

**પાર્થ :** ''હવે સત્કર્મ પૂર્ણ થવાને એક દિવસની જ વાર છે. સાત દિવસ પૂરા થઇ ગયા. પૂ.શ્રીમા અહીં ભાષણ આપતાં નથી, પણ જીવનના ઉદાહરણથી શીખવે છે. સ્વર્ગારોહણને સેવાનું પ્લેટફોર્મ બનાવી રહ્યાં છે. એક હાથમાં પ્રભુ ને બીજા હાથે બાળકોને પકડીને પૂ.શ્રીમા પ્રભુપંથે સૌને દોરી રહ્યાં છે. પૂ.શ્રીમાના આશીર્વાદનો ફોર્સ મળ્યો છે. પૂ.શ્રીમા લાંબાગાળાનું ધ્યાન રાખી આશીર્વાદ આપે છે.''

પૂ.શ્રીમા સ્લેટ પર લખીને સત્કર્મમાં સહયોગી બાળકોના જીવનમાં પ્રભુને પધરાવી રહ્યાં છે. વિશ્વની મહાન ચેતના ને

વિભૂતિના કરકમળથી લખાયેલ શબ્દો, વાક્યો, શબ્દગુચ્છો સાદા નથી, અમોઘ છે એવું સહુ કોઇ પૂ.શ્રીમાની સંનિધિથી અનુભવતા થયાં છે એટલે સ્લેટ પર લખાયેલ શબ્દો, વાક્યો સાંભળવા સૌ કોઇ ઉત્સુક છે.

**મા :** ''બાળકો આ રીતે આવતાં રહે ને સ્વર્ગારોહણને જીવતું રાખતાં રહે. ભારતનાં બાળકો પણ એક નિયમ લઇ શકે. વેકેશન તો સ્વર્ગારોહણમાં ગાળવું. બધા જ બાળકોએ ખૂબ સરસ વાતો કરી. બીજી એક વાત. બહેન રક્ષિતા દેખાય છે નાનકડી, પણ કુબેરની બહેન હોય તેવું લાગે છે. રક્ષિતાની નાનકડી કાયાથી ઘણી સારી લક્ષ્મીની કૃપા પામી રહી છે. સોલાર સીસ્ટમની રકમ સ્વર્ગારોહણને અર્પણ કરી છે. રોજ જ સ્નાન કરતી વખતે રક્ષિતાનું ભલું કરજો એવી પ્રાર્થના કરવી પડે. રક્ષિતાની આવી ભદ્ર ભાવનાને ત્રણ મંત્રગાનથી વધાવીએ. હવે પાર્થ, પૂજા, અંકિત ઊભાં થાય. ભારતના બાળકો પૂજા, નિલેશ(અંબાજી)ના હસ્તે સ્મૃતિઓ સ્વીકારે.''

પૂ.શ્રીમા આ ત્રણેય બાળકોને સમૂહમાં જ વિદાયની સ્મૃતિભેટ બાળકોના હસ્તે અપાવે છે. બાળક દ્વારા બાળકનું સન્માન. મા તો અલિપ્ત છતાં સૌને પ્રેરણા ધરે ને જીવન કંડારે. હવે શ્રી કલ્યાણ પૂ.શ્રીમાના જીવનની સરિતા કેવું સલિલ ધરે છે ને શાંતિ આપે છે તેના પર નાનકડું પ્રવચન કરે છે. મધ્યરાત્રીએ સૌ શયન કરે છે. પૂ.શ્રીમા તો અંગત સાધનામાં લાગી જાય છે.

સત્કર્મ ને સાધના એક સિક્કાની બે બાજુઓ પૂ.શ્રીમાની જીવન સરિતામાં જણાય છે. એક પળ પણ શ્રી હરિથી વિખૂટા પડતાં નથી. જીવનમાં સર્વોચ્ચ વસ્તુની પ્રાપ્તિ થઇ જાય પછી



સત્કર્મ સહજ થઇ જાય છે. સર્વોચ્ચ વસ્તુ એટલે ભગવાનનાં દર્શન. સત્કર્મ એટલે પોતાની પાસે જે શ્રેષ્ઠ છે તે બીજાને આપવું તે. પૂ.શ્રીમાની સંનિધિમાં ભક્તો પોતાની ભૌતિક વસ્તુઓને અભાવગ્રસ્તોને પૂ.શ્રીમાએ ભક્તોના હૃદયમાં રેડેલા દિવ્યભાવથી અપાય છે. એ રીતે ભક્તો દિવ્યતા ને ભાવનું સત્કર્મ કરી રહ્યા છે. એ ભાવનો ને દિવ્યતાનો સાગર પૂ.શ્રીમા છે, પૂ.શ્રીમાનું જીવન છે, પૂ.શ્રીમાનો વ્યવહાર છે, પૂ.શ્રીમાનો આદર્શ છે, પૂ.શ્રીમાનો વૈશ્વિક પ્રેમ છે, પૂ.શ્રીમાનો પરમાનંદ છે. એવાં પ્રગટ પૂ.શ્રીમા જે જે ભક્તો, બાળકોને સહજ રીતે મળ્યાં તેનું જીવન ધન્ય બની ગયું. એ ધન્યતાનો મહોત્સવ સૌ માણી રહ્યા છે. હે મહોત્સવના સર્જક પૂ.શ્રીમા આપનો જયકાર હો, જય જયકાર હો, જય જયકાર હો.

જીવતી 'મા' વાચવા જેવી છે. —મા

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮

મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પ્રભાતનું કિરણ

શ્રી યોગેશ્વરજી

## સમુદ્ર ને સરોવર

સમુદ્રે સરોવરને કહ્યું :

'તું તો અતિશય સીમિત છે. મારા જેવું વિશાળ બનીજા. આવ તને આશ્લેષ આપું; મારા સમાન સ્વરૂપ ધરું!'

સરોવરે સંભળાવ્યું :

'ભાઇ સાગર! હું સીમિત છું એ વાત સાચી છે. છતાં પણ સરોવર છું એનો મને સંતોષ છે.'

'એવો અર્થ વગરનો આત્મસંતોષ શા કામનો?' સમુદ્રે કહ્યું :

'મારો આત્મસંતોષ અર્થ વગરનો નથી.' સરોવરે કહ્યું :

'જો આ પથિક એની પ્રતીતિ કરાવી આપશે.'

એટલામાં તો પથિક આવી પહોંચ્યો ને પાણી પીવા માંડ્યો.

સમુદ્ર એ જોઇ શાંત થયો.

સરોવરને સંતોષ થયો.

## ચૂટેલાં પુષ્પો : સંકલન—કનૈયાલાલ ઝંઝુવાડિયા

બદલો લેવા કરતાં ક્ષમા હંમેશાં સારી છે.

પર સ્ત્રીમાં માતૃ ભાવ રાખો.

સમયની કસોટી પર જ મનુષ્યના આત્માની પરીક્ષા થાય છે.

પરિસ્થિતિને બદલનાર પોતાના ભાગ્યને પણ બદલી શકે છે.

સાધકે સદાય જાગૃત રહેવું જોઇએ.

નિષ્ફળતા અપરાધ નથી. નિકૃષ્ટ ધ્યેય જ અપરાધ છે.

પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.



વિવેક માનવીનો સૌથી મોટો મિત્ર છે.

સાદું જીવન જીવો, નિરોગી રહો.

ધનવાન કંજુસ, ગરીબ કરતાં પણ વધુ ગરીબ છે.

પ્રાર્થના અચેતન મનને મજબૂત કરવાની પ્રક્રિયા છે.

કર્તવ્યનો ઉપયોગ વધુમાં વધુ કરો.

ભલાઇ જેટલી વધુ કરવામાં આવે છે તેટલી વધુ મળે છે.

સારાં પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે.

નમ્રતા અભિમાનને ઓગાળી નાંખે છે.

## તમે મારું કરશો પાર જહાજ

તમે મારું કરશો પાર જહાજ.
થાયે ડગમગ, હાલે રગરગ,
આવે ઘોર અવાજ;
શ્રદ્ધા મારી તોય ન તૂટે
કેમે કરતાં આજ. તમે૦
ગરજે ઘોર તરંગો ભારે,
વાજે વાયુ પખાજ;
ચારેકોર તિમિરદળ છાયાં,
વર્ષા કરતી કાજ. તમે૦
ઘડી ગમેતેવી છો આવે,
લેશ મનો ના દાઝ;
સલામત તમારા હાથમહીં
સદાય મારી લાજ. તમે૦
આંસુ નથી કૈં કલેશ ન મારે,
હે મારા શિરતાજ!
પાગલ કરો જરૂર કિનારે
આજ ગરીબનિવાજ! તમે૦

—યોગેશ્વરજી

# જીવનનૈયા

**સંતશ્રી આત્માનંદજી**

## અનોખી ઉદારતા

નડિયાદના હરિઓમ આશ્રમના સ્થાપક અને સંચાલક સ્વ. પૂજ્ય શ્રી મોટાના જીવનનો એક પ્રેરક પ્રસંગ છે.

એક વાર તેઓ કશાક કામવશાત્ સુરત ગયા હતા અને ત્યાં થોડા દિવસનું રોકાણ કર્યું હતું.

આ રોકાણ દરમ્યાન તેઓ એક દિવસ નમતા પહોરે શહેરમાં એક માર્ગ પર ચાલી રહ્યા હતાં.

ચાલતા ચાલતા તેઓ બે માળના એક મકાન પાસે આવી પહોંચ્યા.

મકાનના ઝરૂખામાં એક સ્ત્રી ઊભી હતી. ઉતાવળમાં જ તેણે કૂંડામાનો એંઠવાડ નીચે ફેંક્યો અને તે શ્રી મોટાના શરીર પર પડ્યો.

ઝરૂખામાં ઊભેલી પેલી સ્ત્રીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. તેને થયું કે એંઠવાડ જેના પર પડ્યો છે તે માણસ ઉપર આવીને મને ન કહેવાના શબ્દો કહેશે.

અને બન્યું પણ એમ જ કે, શ્રી મોટા ઝડપથી મકાનનો દાદરો ચઢીને પેલી સ્ત્રી જ્યાં ઝરૂખામાં ઊભી હતી ત્યાં આવ્યા.

કડવાં વેણ કહેવાને બદલે શ્રી મોટાએ તે સ્ત્રીને કહ્યું, ‘‘બહેન, મારા પર એંઠવાડ ફેંકીને, એંઠવાડ પ્રત્યેની મારી ચાલી આવતી સૂગ નષ્ટ કરીને તમે મારા પર એક મોટો ઉપકાર



કર્યો છે! તમારો આ ઉપકાર હું જિંદગીભર ભૂલી શકું તેમ નથી!’’

આ તો ‘**શ્રી મોટા**’ છે એવો ખ્યાલ આવતાં તે સ્ત્રી શ્રી મોટાના ચરણમાં પડી અને પોતાના દુષ્કૃત્ય બદલ માફી માગવા માંડી, ત્યારે શ્રી મોટાએ કહ્યું, ‘‘બહેન, હવેથી જોયા વિના એંઠવાડ ફેંકતી નહીં.’’

## ધૂળ ઉપર ધૂળ

એક ભાઈ અને બહેન ગોધૂલિના સમયે પોતાના ખેતરેથી ઘર તરફ જઈ રહ્યાં હતાં. ભાઈ આગળ ચાલતો હતો અને બહેન માથે ઘાસનો ભારો લઈને પાછળ આવતી હતી. અચાનક ભાઈની નજર રસ્તાની ધૂળમાં પડેલા એક સોનાના એરિંગ ઉપર પડી. કંઈક વિચારીને તેણે એરિંગ ઉપર ધૂળ નાખી થોડો આગળ જઈ ઊભો રહ્યો. પાછળ આવતી બહેનથી ભાઈની ચેષ્ટા અજાણી ન રહી, પણ તે ચાલતા ચાલતા ભાઈ સાથે થઈ ગઈ. બહેને પોતાને કાંઈ પૂછ્યું નહીં એટલે ભાઈને આશ્ચર્ય થયું. તેણે બહેનને સામેથી કહ્યું, ‘‘રસ્તામાં સોનાનું એરિંગ જોઈ તને તે લઈ લેવાની દુર્મતિ ન થાય તેટલા માટે મેં એરિંગ ઉપર ધૂળ નાખી દીધી હતી.’’ બહેને હસતાં હસતાં ભાઈને કહ્યું, ‘‘અણહકનું અને પારકું ધન એ ધૂળ બરાબર જ ગણાય. તેં ધૂળ ઉપર ધૂળ નાખીને વ્યર્થ સમય બગાડ્યો!’’ અણહકનું પારકું ધન અજાણતાં પણ મળી આવે તો દાનત બગાડવી નહીં. અણહકનો પૈસો, પરસેવાના રૂપિયાને ઝંઝાવાતની જેમ ખેંચી જાય છે.

## ઉદારદિલ કવિ

હિંદી કવિ નિરાલાજી કદી પારકાનું દુઃખ જોઈ શકતા નહોતા. કોઈ પણ દુઃખી માણસ તેમની પાસે આવે તો કદી એને

ખાલી હાથે જવા દેતા નહીં. પોતાના લેખનો પુરસ્કારનો પણ દરિદ્રો પાછળ જ ખર્ચી નાખતા હતા.

આવી ઉદારતાને કારણે તેમની પાસે ઘણી વાર તો એક પૈસો પણ રહેતો નહોતો. છતાં એ વાતનો તેમને અફસોસ પણ ન હતો. શિયાળો આવ્યો, પરંતુ તેમની પાસે ગરમ કોટ પણ નહોતો.

સાહિત્યક્ષેત્રે સારું એવું પ્રદાન કરનાર મહાદેવી વર્માએ એક દિવસ તેમને કહ્યું, "આવી કડકડતી ઠંડી પડે છે, છતાં તમે શરીર પર એકાદ ગરમ વસ્ત્ર પણ કેમ પહેર્યું નથી?"

નિરાલાજીએ કહ્યું, "થોડા પૈસા હતા અને કોઇ ગરમ વસ્ત્ર ખરીદવાનો વિચાર પણ કર્યો હતો. પણ એવામાં જ એક ગરીબ મારે ઉંબરે આવી ચઢ્યો. મેં હતા એટલા બધા પૈસા એને આપી દીધા!"

મહાદેવીએ નિરાલાજીને એક ગરમ કોટ આપ્યો અને કહ્યું, "લો, આ કોટ! ઠંડીમાં કામ આવશે."

થોડા દિવસ પછી મહાદેવી આવ્યાં અને જોયું તો નિરાલાજીના શરીર પર એ ગરમ કોટ હતો નહીં!

તેમણે પૂછ્યું, "નિરાલાજી! પેલો ગરમ કોટ ક્યાં?"

જવાબ મળ્યો, "બેત્રણ દિવસ પહેલાં હું બહારથી રાતના સમયે ઘેર આવી રહ્યો હતો, ત્યાં માર્ગમાં ફૂટપાથ પર મેં એક વૃદ્ધને ઠંડીથી ધ્રૂજતો જોયો, એટલે એ કોટ એને આપી દીધો!"

"પણ કોટને બદલે ઘેર આવીને કોઇ બીજું કપડું લઇ જઇને એને આપ્યું હોત તો ન ચાલત?"

નિરાલાજી બોલ્યા, "એટલો સમય રહ્યો નહોતો. ઘેર આવીને કાંઇ ઓઢવાનું વસ્ત્ર લઇને એની પાસે પાછો ફરું એટલી



વારમાં તો કદાચ એ વૃદ્ધનું કાતિલ ઠંડીથી મૃત્યુ થયું હોત!"

નિરાલાજીની આ ઉદારતાને કવયિત્રી મહાદેવી વર્મા જિંદગીભર ભૂલી શક્યા નહોતા.

### દાન એ વેપાર નથી

શ્રી જમશેદજી મહેતા અનેક સામાજિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા હતા.

એ સમયે કરાંચીના ડફરીન હૉસ્પિટલના વધુ વિકાસ માટે ફાળો એકત્રિત કરવા કેટલાક યુવાનો જમશેદજી મહેતા પાસે આવ્યા અને ફાળો નોંધાવવા તેમને વિનંતી કરી.

જમશેદજી મહેતાએ ફાળામાં દસ હજારની રકમ લખાવવાને બદલે, દસ હજારમાં પાંચ રૂપિયા ઓછાની રકમ નોંધાવી!

બીજા દિવસે ફંડ સમિતિના એક કાર્યકર જમશેદજી મહેતા પાસે આવ્યા અને બોલ્યા, "આપ દસ હજારમાં પાંચ રૂપિયા ઓછા કેમ લખાવ્યા? દસ હજાર પૂરા લખાવ્યા હોત તો..."

"તો મને લાભ એ થાત કે મારા નામની તકતી મુકાત! પણ એ લાભની મને ખબર હોવાથી જ મેં પાંચ રૂપિયા ઓછા લખાવ્યા. મને ભગવાને સારો એવો પૈસો આપ્યો છે અને તેનો સારા કામમાં હું ઉપયોગ કરતો રહું છું. મને એમાં આનંદ આવે છે. પૈસાનો દાનમાં ઉપયોગ કરવો એમાં હું માનું છું. પણ પૈસાનું દાન જ્યારે કીર્તિ અને વાહવાહની લાલચથી કરાય છે ત્યારે એ દાન દાન મટીને એક સોદો બની જાય છે. એવું દાન તે દાન નહીં, પણ એક વેપાર બની જાય છે. એવો વેપાર કરવા હું ઇચ્છતો નથી."

# સ્વામી શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ

નારાયણ હ. જાની

મનુષ્યના જીવનમાં પરિવર્તન ક્યા પ્રકારે અને ક્યાં નિમિત્તથી આવે છે એ કહેવું ઘણીવાર કઠીન જ નહીં, પરંતુ અસંભવ જેવું માલુમ પડે છે. કેટલીકવાર એવું પણ બને કે ઉપર ઉપરથી દેખાતી મંગળકારી વસ્તુ, પરિણામે ભારે ભયાવહ સાબિત થાય, જ્યારે પ્રારંભમાં ભયાવહ જણાતી વસ્તુનું પરિણામ અતિશુભ આવે, એવું પણ બને છે.

ભારતના ઘણા બધા મહાપુરુષોની બાલ્યકાળની મોટાભાગની ઘટનાઓ વિષે વિશેષ જાણકારી મળતી નથી, કારણ કે તેઓ લૌકિક જીવનને ખાસ મહત્ત્વ આપતા નથી. આજ કારણે શ્રી ભોળાનાથના બાલ્યજીવનની મહત્ત્વની ઘટનાઓ ક્યાં અને ક્યારે બની, એ વિષે વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. શ્રી ભોળાનાથને એમના ગુરુ પ.પૂ.મહર્ષિ મહાતપાએ દીક્ષા આપતી વખતે 'વિશુદ્ધાનંદ' નામ આપ્યું અને તેઓ પાછળથી યોગરાજાધિરાજ શ્રી વિશુદ્ધાનંદ પરમહંસ તરીકે અગર શ્રી ગંધબાબા તરીકે જણીતા થયા. તેઓના શરીરમાંથી દિવ્ય સુવાસિત ગંધ કાયમ વહ્યા કરતી હતી, એથી એમને લોકો ગંધબાબા કહેતા.

હડકાયા કૂતરાનાં કરડવાને લીધે શ્રી ભોળાનાથના જીવનમાં એકદમ ભારે પરિવર્તન આવ્યું. તેનાથી તેઓ છેવટે પરમહંસ યોગીના પદ ઉપર આસીન થઇ શક્યા. આ કૂતરું કરડવાની ક્રિયા ક્યારે અને ક્યાં બની, તેની ચોક્કસ વિગતો મળતી નથી. પરંતુ એટલું અનુમાન કરી શકાય છે કે તે સને ૧૮૬૬–૬૭ના



વર્ષમાં બની હોવી જોઇએ, જ્યારે શ્રી ભોળાનાથની ઉંમર ૧૪ કે ૧૫ વર્ષની હતી. એક દિવસ દાદરનાં પગથિયા ઉતરતાં, અજાણતાં તેઓનો પગ નીચે બેઠેલા કૂતરા ઉપર પડી ગયો. આથી કૂતરાએ રોષે ભરાઇ એમના પગે જોરથી બચકું ભરી લીધું.

આ કૂતરું હડકાયું હતું તેથી તેના દાંતમાં રહેલા ભારે ઝેરથી થોડા સમયમાં જ ભોળાનાથના આખા શરીરમાં ભારે બળતરા થવા લાગી.

એમણે તુરત પોતાની માતા તથા અન્ય સંબંધીઓને આ પ્રમાણે કૂતરું કરડ્યું હોવાની, તેમજ તેનાથી થતી પીડાઓની વાત કરી. એમના દાદા ખુદ સારા વૈદરાજ હતા. એટલે તાત્કાલિક સારવારનો પ્રબંધ થયો. પરંતુ તેનાથી કોઇ ફાયદો ન જણાતાં, તેઓએ બીજા વૈદો તથા દાક્તરો સાથે ચર્ચા કરી, ઘણાં બધાં ઉપચારો કર્યા, પરંતુ કોઇ અસર ન થઇ. ઉલટું જેમ જેમ દવા કરતા ગયા, તેમ તેમ દર્દ વધતું ચાલ્યું. બાળકની દશા બગડતી જોઇ એના દાદા એને નજીકના ગૌદલ પાડા ગામે લઇ ગયા, જ્યાં હડકાયા કુતરાની કરડવાની અકસીર દવા પણ આપી જોઇ. પરંતુ તેનાથીય કોઇ ફાયદો ન થયો.

બીજી બાજું હડકવાનું ઝેર આખા શરીરમાં ફેલાઇ ગયું. તેથી તેને ખૂબ વેદના થવા લાગી. બાળકને ખેંચ આવવા લાગી અને તે ખૂબ બેચેનીપૂર્વક ધમપછાડા કરવા લાગ્યો. આથી ગભરાઇને બાળકને પાસેના હુગલી શહેરમાં લઇ જવામાં આવ્યો. અહીં એક ઘઉંની ચક્કીનો માલિક ભોળાનાથના કાકા ચંદ્રનાથનો બાળમિત્ર હતો. એને ઘરે સહુ ઉતર્યા. હુગલીમાં હડકાયા કુતરાના કરડવાની દવા કરનારી ઘણી વ્યક્તિઓ હતી. પરંતુ કોઇનીય દવા કારગત ન નીવડી. આથી સહુએ

નિરાશ થઇ, બાળકના બચવાની આશા છોડી દીધી. બાળક ભોળાનાથને પણ લાગ્યું કે હવે જીવન બચી શકે એવો કોઇ ઉપાય નથી રહ્યો.

હિંદુઓમાં એક એવી ધાર્મિક માન્યતા પ્રવર્તે છે કે ગંગાકિનારે અગર તેના પ્રવાહમાં પ્રાણ છોડવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એમ વિચારી ભોળાનાથ સંધ્યા સમયે ધીમે ધીમે ચાલીને ગંગા કિનારા સુધી પહોંચ્યો. એ સમયે સંધ્યાની સુરખી ધીમે ધીમે પૃથ્વી પર ઉતરી રહી હતી. બાળક ભોળાનાથ પણ વિચારવા લાગ્યો કે આથમતા સૂર્યની જેમ એના જીવનનો અંત પણ ઘણો નજીક છે. આથી ગંગાના પવિત્ર ને શીતલ પ્રવાહમાં ડૂબીને હું મારી આ અસહ્ય વેદનાને સદાને માટે કેમ ન મીટાવી દઉં!

પરંતુ ભગવાનની લીલા કોઇ વિચિત્ર ને અગમ્ય છે. ભોળાનાથે જોયું કે ગંગાના પ્રવાહમાં એક ભારે જટાધારી સૌમ્ય દેખાવના સંન્યાસી વારંવાર ડૂબકીઓ મારી સ્નાન કરી રહ્યા છે. વળી જ્યારે તેઓ ડૂબકી મારી પાણીથી ઉપર માથું કાઢતા, ત્યારે ગંગાના પ્રવાહનું પાણી થાંભલાની જેમ એમના શરીરની આસપાસ ઊંચું થતું, અને જ્યારે તેઓ પાછા પ્રવાહમાં ડૂબકી મારતા ત્યારે તે સમથળ થઇ જતું. આશ્ચર્ય ચકિત થઇને બાળક ભોળાનાથ આ ઘટનાને એકીટશે જોઇ રહ્યો.

આ બાજુ સંન્યાસીની નજર પણ બાળક ભોળાનાથ ઉપર પડી. આ સંન્યાસી ત્રિકાળજ્ઞ હતા. એમની મુખાકૃતિ ખૂબ શાંત અને આંખો ચમકીલી ને સ્નેહપૂર્ણ હતી. એમણે ખૂબ જ મધુર છતાં દૃઢ ગંભીર સ્વરે બાળકને મોટેથી કહ્યું : ''બેટા, આટલો બધો કેમ ગભરાઇ ગયો છે! તને ખૂબ જ કષ્ટ થઇ રહ્યું છે ને! ઊભો રહે, હું હમણાં જ તને સાજો કરી દઉં છું.'' આમ કહીને તેઓ તુરત જ ગંગાના પ્રવાહમાંથી બહાર નીકળી બાળક



ભોળાનાથ પાસે આવ્યા અને તેના માથા ઉપર પોતાનો હાથ મૂક્યો. બાળકને અદ્ભુત શીતળતાનો અનુભવ થયો. એને લાગ્યું કે જાણે કોઇએ એના ગરમ ધગધખતા માથા ઉપર ઠંડા બરફની પાટ મૂકી દીધી! શરીરની નાડીઓમાં પણ અમૃતનો સંચાર થતો હોય એવું એણે અનુભવ્યું. આથી બાળકની બધી જ પીડા અને બળતરા એકદમ શાંત થઇ ગઇ અને મૃત્યુનો ભય પણ દૂર થઇ ગયો. તે પછી સંન્યાસીએ ગંગા કિનારે ઉગતી કોઇ જડીબુટ્ટી ઉખાડીને બાળકને ખવડાવી ને કહ્યું : ''બેટા, હવે ઘરે જા. પેશાબની સાથે હડકાયા કુતરાનું બધું ઝેર નીકળી જશે અને તું સંપૂર્ણ સાજો થઇ જશે. વળી તું ભવિષ્યમાં એક ખૂબ પ્રખ્યાત યોગી થઇશ. માટે મનમાંથી બધી જ ચિંતાઓને કાઢી નાંખ.'' અને ખરેખર બન્યું પણ એમજ. બાળક સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. આથી ઘરમાં આનંદનું મોજું ફરી વળ્યું. સહુની બધી દુષ્ટ ચિંતાઓનો આમ અચાનક અંત આવી ગયો.

આ પ્રસંગથી બાળક ભોળાનાથના મનમાં સંન્યાસી પ્રત્યે અતિશય કૃતજ્ઞતાનો ભાવ પેદા થયો. સાથે સાથે શ્રદ્ધા ઉત્પન્ન થઇ એટલું જ નહીં પણ એમની પાસેથી દીક્ષા લઇને એમની સાથે રહેવા જવાની ભાવના પેદા થઇ. તેમણે પોતાની આ ઇચ્છાની વાત બીતાં બીતાં પોતાની વાત્સલ્યમયી માતાને જણાવી. માએ પ્રેમપૂર્વક કહ્યું, 'બેટા, મારે માટે તો તું ચાલ્યો ગયેલો હતો. મેં તો તારા બચવાની આશા છોડી દીધી હતી, એટલે જેણે તને નવજીવન આપ્યું છે તેની સાથે તું ખુશીથી જઇ શકે છે. બેટા, મારા તને આશીર્વાદ છે. ખુશીથી રજા આપું છું. તારું ખૂબ ભલું થાય એવી કામના કરું છું. બસ તું કદીક તારી આ માને પણ યાદ કરતો રહેજે, એટલી આશા રાખું છું.'

ભોળાનાથે પોતાની માને વાત કરતાં તો કરી દીધી, પણ

એને સંદેહ હતો કે મા રજા આપશે કે કેમ. આટલી બધી સરળતાથી માની રજા મળી જવાથી એને અનહદ આનંદ થયો. આથી માતા પ્રત્યેનો એનો આદર અને સ્નેહ ખૂબ વધી ગયો. એણે મા પ્રત્યે ખૂબ કૃતજ્ઞતા પ્રકટ કરી અને મનોમન એને ભગવાનની કૃપા માની લીધી.

બીજા દિવસે સંધ્યાના એ જ સમયે ભોળાનાથ આનંદ અને ઉત્સાહ સાથે ગંગાતટ ઉપર પહોંચી ગયો. અને એણે પોતાની કુશળતાના સમાચાર એ મહાપુરુષને આપ્યા. પછી વિનંતી કરતા કહ્યું : ''હે પ્રભુ, આપે મને જીવનદાન આપ્યું છે એટલે હું આપને હવે છોડી શકું એમ નથી. આપ મને દીક્ષા આપી આપની સાથે લઇ ચલો. આપની સાથે જવાની અનુજ્ઞા પણ મેં મારી મા પાસેથી મેળવી લીધી છે.''

સંન્યાસીએ ભોળાનાથને પાસે બેસાડી એક આસન શીખવાડ્યું. તેમજ એક બીજ મંત્રની દીક્ષા આપી પછી કહ્યું. ''બેટા, હું તારો ગુરુ નથી. અત્યારે તું ઘરમાં રહી, આ આસનમાં બેસી મેં બતાવેલ બીજ મંત્રનો અભ્યાસ કર. એનાથી તારા શરીર અને મનની શુદ્ધિ થશે. યોગ્ય સમય આવતાં હું તને તારા ગુરુની પાસે પહોંચાડી દઇશ. એ બાબતમાં તું નિશ્ચિત રહેજે.''

આ સાંભળી બાળક ભોળાનાથને થોડી નિરાશા થઇ. અનિચ્છાએ તે ઘરે પાછો ફર્યો. થોડા દિવસ સુધી પેશાબ વાટે હડકવાના ઝેરનો ભાગ નીકળતો રહ્યો. એમ કરતાં બધું જ ઝેર નીકળી જવાથી ભોળાનાથનું શરીર એકદમ સ્વસ્થ થઇ ગયું. આ પ્રમાણે પોતાના પુત્રની પ્રાણ રક્ષા થઇ તે જોઇ એની માતા ખૂબ પ્રસન્ન થઇ, એણે ભગવાનને પ્રાર્થના કરી. હે, પ્રભુ થોડા વધુ દિવસ મારો પુત્ર મારી સાથે રહે એવું કરજો.



આ પછી ભોળાનાથને ભણવા માટે બર્દવાન મોકલી આપવામાં આવ્યો. ત્યાં કાંચન–નગર–બોર્ડીંગમાં રહીને તે અભ્યાસ કરવા લાગ્યો. એનો માસીઆઇ ભાઇ પણ ત્યાં જ રહેતો હતો. બર્દવાનમાં રહી અભ્યાસ કરતાં એને હરિપદ નામના સહાધ્યાયી યુવક સાથે ઘનિષ્ઠ મિત્રતા થઇ. આમ બર્દવાનમાં અભ્યાસ કરતાં બે વર્ષ થઇ ગયાં, પરંતુ એનું જીવન બચાવનાર પેલા સંન્યાસી મહાત્માનાં ફરી દર્શન ન થયાં.

બર્દવાન શહેરના બજારમાં શ્રી વિશ્વરૂપ સાહુની દુકાન હતી. તેને ત્યાં ભોળાનાથ કદીક–કદીક ચીજ વસ્તુ ખરીદવા જતો. એક દિવસ ભોળાનાથ ક્વીનાઇનની ગોળીઓ ખરીદવા વિશ્વરૂપની દુકાને ગયો. તે વખતે એક મુસલમાન ત્યાં વાત કરી રહ્યો હતો કે ઢાકામાં એક અદ્‌ભુત સંન્યાસી આવ્યા છે. તે નદીના પાણીમાં સ્નાન કરતાં જ્યારે પોતાનું માથું ઉંચું કરે છે, ત્યારે નદીનું પાણી પણ થાંભલાની જેમ તે માથાની આસપાસ ઉંચું થાય છે અને જ્યારે તે પાણીમાં ડૂબકી મારે છે ત્યારે પાણી પણ નીચું આવી જાય છે.

એ મુસલમાનને પૂછવાથી ખબર પડી કે એ સંન્યાસી ઢાકાના નવાબના મેદાનમાં ઉતરેલા છે.

આ વાત સાંભળતાં જ ભોળાનાથને પોતાને હડકાયા કુતરાના ઝેરથી બચાવનાર સંન્યાસીનું સ્મરણ થઇ આવ્યું. એના મનમાં એ સંન્યાસીના દર્શનની તીવ્ર ઇચ્છા થઇ આવી; એટલું જ નહીં પરંતુ એમની સાથે જઇ યોગના માર્ગે આગળ વધવાનો સંકલ્પ પણ થઇ આવ્યો. પરંતુ ઘર છોડી, સંન્યાસીની સાથે જતાં પહેલાં, પોતાની પૂ.માતાની આજ્ઞા અને આશીર્વાદ મેળવવા ભોળાનાથ જેવા માતૃભક્ત બાળક માટે જરૂરી હતા. આથી તે તુરત બર્દવાનથી પોતાના ગામ બંડૂલ પોતાની માતા જ્યાં રહેતી

હતી, ત્યાં પહોંચી ગયો અને પોતાની મનોકામના માને કહી. પોતાના જીવનના એકમાત્ર આધાર જેવા પુત્રના વિયોગનો પ્રશ્ન માને માટે સરલ ન હતો. છતાં પણ પુત્રની વિનયયુક્ત પ્રાર્થના સાંભળીને તેમજ સંન્યાસી દ્વારાજ તેને નવજીવન પ્રાપ્ત થયેલું હોવાથી માએ જીવ કાઠો કરી, પુત્ર ભોળાનાથને યોગમાર્ગ ગ્રહણ કરવાની સંમતિ ને આશીર્વાદ આપ્યા.

બર્દવાન આવીને તરતજ ભોળાનાથે પોતના પ્રિય મિત્ર તથા સહાધ્યાયી હરિપદને સંન્યાસી સંબંધી બધી વાતચીત કરી પોતાનો નિશ્ચય તેની પાસે જવાનો છે, વગેરે તેને જણાવ્યું. એ સાંભળીને હરિપદે પણ સંન્યાસી પાસે જવાની પોતાની ઈચ્છા જણાવી. આથી બંને મિત્રોએ સાથે ઢાકા જવા પ્રયાણ કર્યું.

ઢાકા પહોંચીને રમતના મેદાનની તપાસ કરતાં આખરે એક એકાન્ત જેવા સ્થાને તેઓ સંન્યાસી મહારાજને આવી મળ્યા. ભોળાનાથે એમને તુરત ઓળખી લીધા અને તુરત જ તેઓના ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. પરસ્પર કુશળક્ષેમ પૂછ્યા પછી, ભોળાનાથે તેઓને પ્રાર્થના કરી કે, ''પ્રભુ, આ વખતે તો કૃપા કરીને આપ મારો સ્વીકાર કરી મને સાથે લઈ જાવ.'' સંન્યાસી બોલ્યા : અરે, એકલો આવવાને બદલે તું તારી સાથે આ બીજાને શું કામ લઈ આવ્યો છે? ભોળાનાથે એના જવાબમાં કહ્યું : ''હરિપદ મારો પ્રિય મિત્ર છે, તથા સહપાઠી છે. એ પણ મારી સાથે યોગમાર્ગે પ્રગતિ કરવા ખૂબ આતુર છે એટલું જ નહીં, પણ આપની કૃપાનો આકાંક્ષી છે. એટલા માટે તો મારી સાથે અહીં આવ્યો છે.''

સંન્યાસીએ તે પછી કહ્યું : સારું, તો તમે બંને સંધ્યાકાળ પછી અહીં મારી પાસે આવજો. આ સંન્યાસી બીજા કોઈ નહીં પણ તિબેટમાં આવેલા જ્ઞાનગંજ યોગાશ્રમના મહાયોગી નિમાનન્દ



પરમહંસજી પોતે હતા.

આ પ્રમાણે ગૃહત્યાગ કરવો એ સહેલી વાત નથી, કારણ કે ઘર એક એવું સ્થાન છે જ્યાં વ્યક્તિની સાથે તેનાં માતાપિતા, ભાઈ–બહેન, કાકા–કાકી વગેરે સંબંધીઓ રહેતાં હોય છે. તદુપરાંત અડોશ–પડોશ, તેમજ પરિચિત સાથેના સંબંધનું કેન્દ્ર ઘર જ હોય છે. આમ ઘર છોડવાથી બધા સંબંધો આપોઆપ છૂટી જાય છે. આથી જ કહ્યું છે કે ગૃહત્યાગ એક અસાધારણ તેમજ મહાન ત્યાગ છે.

ભોળાનાથ આમ પોતાના સર્વ સગાંસંબંધીઓનાં બંધનને તોડીને યોગમાર્ગે આગળ વધવા આવ્યો છે. જે વ્યક્તિ પરમેશ્વરનું સાન્નિધ્ય પૂરા મનથી ઈચ્છે છે–એને જ યોગ પણ ચાહે છે. અને એને માટે દુનિયાના બધા સાંસારિક સંબંધોને તોડી નાંખવા એ ખૂબ જરૂરી છે, કારણ કે ઘરની મોહમાયા છોડ્યા પછી જ, દેહના તથા જગતના આવરણનો ત્યાગ કરવાની શક્તિ માણસોને પ્રાપ્ત થાય છે. તુલસીદાસજીએ સાચું જ કહ્યું છે કે ઈશ્વરપ્રાપ્તિના માર્ગમાં ''ગૃહ–કારજ નાના જંજાલા, તે અતિ દુર્ગમ સૈલ વિસાલા.''

એને પાર કરવું એ બધાના વશની વાત નથી. ઈશ્વરની પરમકૃપા પામેલ કોઈ વિરલ ભાગ્યશાળી પુરુષો જ આ માર્ગમાં અંતરાયરૂપ બનતી બાધાઓને પાર કરીને, ઈશ્વરના માર્ગે પ્રયાણ કરવા શક્તિમાન બને છે.

(ક્રમશઃ)

# પદયાત્રીઓનો વિસામો—સ્વર્ગારોહણ

જ્યોત્સ્ના ત્રિવેદી

## પદયાત્રીઓનું સ્વર્ગ—સ્વર્ગારોહણ

ભાદરવા સુદ પૂર્ણિમા. મા અંબિકાનો પ્રાગટ્ય દિન. ભાદરવી પૂનમ. આજકાલ ગુજરાત મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ દક્ષિણ ભારત જેવાં અનેક રાજ્યોમાં ખૂબ સુપેરે પ્રચલિત છે. ગુજરાત તો જાણે હેલે ચઢે છે. મા જગદંબાને પદે પદે પોતાના પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને સહનશીલતાનાં સુમનો ચઢાવે છે. ત્યાં નથી દિવસ નથી રાત. નથી તાપ નથી ટાઢ કે નથી વરસાદ, એક જ લક્ષ્ય અંબાજીની ધજા અને મા જગદંબાનાં દર્શન, ભક્તો જાણે બધું જ હોડમાં મૂકીને માને ચરણે પ્રેમ શ્રદ્ધા ભક્તિનાં સુમનો ધરવા દીવાના બન્યા ના હોય, એવું લાગે. અંબાજીમાં અનેક સેવાભાવી સંસ્થાઓ આ પદયાત્રીઓની સેવા કરવા ઉમટી પડે છે. અંબાજી ગામને ચાર દરવાજા બનાવવામાં આવ્યા છે. એક દાંતારોડ બાજુથી જ્યાં અમદાવાદ મહેસાણા બનાસકાંઠાના યાત્રીઓ આવે છે. બીજી બાજુ ખેડબ્રહ્માવાળા ગાંધીનગર, હિંમતનગર, ઇડર વિસ્તારના યાત્રીઓ પદયાત્રા કરે છે. એક દરવાજો આબુ રોડ બાજુથી છે. જ્યાં રાજસ્થાનથી યાત્રીઓ યાત્રા કરે છે. અંબાજીને બધી જ બાજુ અઢી ત્રણ કિલોમીટર સુધી વાહન વ્યવહાર મુક્ત બનાવવામાં આવે છે. ત્યાં દાંતા રોડ પર "**સ્વર્ગારોહણનું**" નામ પણ લોકોના હૈયે ગૂંજે છે.

આ વર્ષે મેળાના દિવસો છ થી પણ સાત થઇ ગયા હતા. નોમ થી પૂનમ. આપણે ત્યાં સ્વર્ગારોહણમાં પણ એકાદશીથી



સેવાઓની શરૂઆત થઇ ગઇ. આગલે અઠવાડિયે સ્વર્ગારોહણના યુવાન કાર્યકર ભાઇઓ આવી મંડપ બાંધી ગયા. બધા કામનું આયોજન કરી ગયા. ૧૯મી સપ્ટેમ્બરથી આપણું કાર્ય શરૂ થઇ ગયું.

પાણીની સેવા, એક્યુ પ્રેશર, મીઠી છાશ અને મેડિકલ સેવા એ આપણી મુખ્ય સેવાઓ.

નવમંત્ર ગાનથી વહેલી સવારે લગભગ નવ વાગ્યાથી પાણીની સેવા શરૂ થઇ. તે રાત્રે નવ વાગ્યા સુધી એક ધારે ચાલે જેમાં સ્વચ્છ ગ્લાસોમાં યાત્રીઓને ઠંડુ પાણી આપવામાં આવે. તેમાં નાનામોટા જોડાતા જાય અને 'જય કૃપાળુ મા'નો જાપ કરતા જાય. આ વર્ષે આ પાણીની સેવાનો ચાર દિવસમાં લગભગ સવા લાખ જેટલા યાત્રીઓએ લાભ લીધો. ધોમ ધખતાં તાપ અને તેમાં કાળજે કાઢક વાળતું પાણી પીનારા, પાનારા બંનેને સંતોષ ધરે. ન અમીર, ન ગરીબ, ના મોટા, ના નાના, ના ભણેલા, ના અભણ, ગંદા કે સ્વચ્છ એવો ન કોઇ ભેદભાવ. માત્રને માત્ર સેવાની ધૂન. પીપ ભરાતાં જાય, બરફ આવતો જાય. યાત્રીઓ તૃષા છીપાવતા જાય.

આ આપણું આખું પર્વ જાણે છાશની હાશનું બની રહ્યું.

આ વર્ષે આ પર્વના આયોજનમાં જેમનો આર્થિક સહયોગ સાંપડ્યો—તે પરિવારોએ તેમના દિવંગત દાદા—દાદીઓની સ્મૃતિમાં આ દાન આપેલ. તેમાં શ્રી આનંદભાઇ ભટ્ટ, શ્રી અમૃતલાલ ત્રિવેદી અને શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલ પરિવારોનો સમાવેશ થાય છે. દિવંગત પિતૃઓનું આનાથી પણ મોટું તર્પણ બીજું શું હોઇ શકે? આ પરિવારના સભ્યોએ જાતે ઉપસ્થિત રહી સેવા કરી. તો સ્વર્ગારોહણના સાધક ભાઇબહેનોનો સહયોગ

સાંપડતા સોનામાં સુગંધ ભળવા જેવું થયું.

છાશ વિભાગ તો યુદ્ધના ધોરણે કામ કરે. તેમાં બે કાઉન્ટર ચાલે. લોખંડની ટ્રે અને તેમાં ચોક્ખાં પાણીથી સ્વચ્છ થયેલા ગ્લાસ જગથી ભરતા જાય, અપાતા જાય ખાલી ગ્લાસ ગોઠવાતા જાય, ધોયેલા ગ્લાસ મશીનની ગતિથી કાઉન્ટર સુધી પહોંચતા થાય અને યાત્રીઓની તરસને રસ્તે ઉભા રહી, છાશથી ટાઢક પહોંચાડતા જાય. સવારે ક્યારેક ૧૦ થી તો ક્યારેક ૯:૩૦ થી સેવા ચાલુ થાય. યાત્રીઓના પ્રવાહ સાથે સતત આ કાર્ય પણ ચાલતું જાય. કોઇને ઊંચુ જોવાની, બોલવાની કે આગળ પાછળ વાત કરવાની ફુરસદ જ નહીં. કોઈની કામ ચોરી પણ નહીં. સહુ સહુના હાથમાં જે કામ આવે તેને ખૂબ સરસ રીતે ભાવથી ન્યાય આપે. આપણી છાશ તો યાત્રીઓની જાણે અપેક્ષા. શરૂ ન થઇ હોય તો પૂછે હજુ કેટલી વાર છે? ખલાસ થઇ જાય તો કહે અરે! આટલી જલ્દી પતી ગઇ! ડેરીની છાશ, જીરૂ, મરી, ખાંડ બરફવાળી, સ્વાદ મોઢામાં રહી જાય એવી છાશ.

એક્યુપ્રેશરની સેવા મારા અને મયૂરી બહેનના નેજા હેઠળ ચાલી આપણી પાસે અંબાજી હાઇસ્કૂલના જેમ વિદ્યાર્થી આવે છે એમ પડોશના રંગે રંગાઇ રબારી વાસના ૧૦ થી ૧૨ વર્ષની ઉંમરના સાત આઠ બાળકો આ વર્ષે ખૂબ પ્રેમથી સેવા કરવા આવતા આવનાર પ્રવાસીઓના ગોટલા એક્યુપ્રેશરના સાધન વડે છોડાવી આપે. સવારે કાર્ય શરુ થાય ત્યારથી આવે. સાંજે બધુ કામ પૂરું થાય ત્યાં સુધી કામ કરાવીને જાય.

તેમાં એક સરસ બનાવ બન્યો. ૨૦ મી એ સવારે એક છોકરો તેની માતાને લઇને આવ્યો. માતા કહે આ બાળકને છાશની સેવા કરવાની ખૂબ ઇચ્છા છે. તમે ત્રણ કેટ છાશના



પૈસા લઇ લો. રાજુભાઇએ ખૂબ સમજાવ્યા. અહીં બધું પહેલેથી નક્કી થયેલું હોય છે. તમારે સેવા કરવી હોય તો મદદમાં આવી જાવ. બાળક ભલે છાશ વહેંચે, માતા પુત્ર બંનેને ના પાડી તે બહુ ગમ્યું નહીં. આવતા વર્ષનું માની આજ્ઞાનું વચન લઇ ગયાં. એક સામાન્ય શ્રમજીવી પરિવાર. તે પરિવારના બાળકની સરસ ભાવના! તેને વંદન અને તેની ભાવનાથી કદર કરનાર જનેતાને પણ વંદન.

તેમાંનો બીજો એક બાળક છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. તેણે ત્રણ દિવસ લગાતાર માઈકની સેવા સંભાળી. સરસ અવાજ, સ્પષ્ટ ગુજરાતી ઉચ્ચારો હજી કાનમાં ગુજ્યા કરે છે. ''આવો આવો, સ્વર્ગારોહણ આપનું હાર્દિક સ્વાગત કરે છે. માનો પ્રસાદ લેતા જાવ. થાક ઉતારતા જાવ. માંદગી માટે દવા લેતા જાવ.'' સરસ રીતે વાક્ય રચના ગોઠવી પાંચ કલાક મોટા અવાજે બોલવું ખાવાનો ખેલ નથી. મને ઘડીભર થયું, મા હોત તો આ બાળક પર વારી જાત. સંધ્યા ટાણે નાથા કાકા પાસેથી પ્રસાદનો પુરસ્કાર પામી ઘરે જાય. સવારે પ્રેમથી હાજર થઇ જાય. પાણી પણ પીવાની અપેક્ષા ન રાખે. ખરેખર નિસ્વાર્થ અને નિર્વ્યાજ સેવા.

સ્વર્ગારોહણને પદયાત્રીઓનું ખરેખર સ્વર્ગ બનાવનાર ડૉ. સુરતીયાની ઝણોરની સેવા ત્રણ ડૉક્ટરો અને ૧૨ સહાયકો કુલ ૧૫ માણસોની ટીમ યાત્રીઓના ફોડલા પડેલા છોલાયેલા પગની સેવા કરે. ધન્યવાદ તે સહુને. મસ્તક ઝૂકા જાય. તેવી સેવા. પગના હાલ જોવાય નહીં. તેવા પગને પાટા પીંડી કરવા અને તેમને મંદીર સુધી પહોંચી શકે તેવા બનાવવા અને તેને જલ્દીમાં જલ્દી સાજા થઇ શકે તેવી ટ્રીટમેંટ આપવી. તાવ, ઉલ્ટી ઝાડા

કળતર. ડાયાબીટીસ બ્લડપ્રેશર, ચક્કર કાનના દુઃખાવા, આંખના દુખાવા ક્યી ટ્રીટમેંટ નહીં તે જ પૂછવાનું! જાણે એક નાનકડી હૉસ્પિટલ. ચાર દિવસમાં ૫૦૦૦ જેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો. દિવસે આ સેવા કરવાની. રાત્રે નાહી ધોઇ જમીને બીજા દિવસની તૈયારી કરવાની. ખરેખર દાદ માગી લે તેવી સેવા. આ દવાના ખર્ચની સહાય એક સાધક બહેને કરી તેમને પણ ધન્યવાદ ને પ્રણામ.

ખરી સેવા રાત્રે આશ્રય આપવાની. દિવસ દરમ્યાન સેવાથી ધમધમતો મંડપ રાત્રે રેનબસેરા બની જતો. આ બધી સેવાઓથી વિનેશ કુમારની આગેવાની નીચે યોગેશ્વર પરિવારની રાજકોટ, ભાવનગર, સુરત મુંબઇ વગેરેના સાધકોની મદદથી થતી.

સ્વર્ગારોહણને શોભે તેમ સન્માનીય રીતે સહુને સેવાનો લાભ મળે. રાજકોટ કેન્દ્ર મુંબઇ, સુરત, વડોદરાની બહેનો ઝણોરનું આખું યુવક મંડળ. આપણું કામ છે આપણે દીપાવવાનું છે. રાજકોટના યુવકોએ ખરેખર ખૂબ સેવા આપી. સામાન લઇને ચાલવાનું હતું તો પણ મોટી ઉંમરના બહેનો આ પર્વમાં સેવા આપવા આવ્યાં તે બદલ સૌને ધન્યવાદ.

૧૫૦૦ દરદી એક્યુપ્રેશરની સેવા લઇ ગયા. કેટલાક સમજ મેળવી ગયા. કેટલાક અધ્યાત્મના લવાજમ ભરી ગયા. ખૂબ ખૂબ આનંદથી પર્વ પત્યું. ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુથી પૂર્ણાહૂતિ કરી મેળો મેળા જેવો લાગ્યો. વરસાદ નહોતો એ આ વર્ષે મા—પ્રભુની કૃપા.

અંબાજીની નગર પાલિકાએ રસ્તા ખૂબ સ્વચ્છ રહે તે માટજ સતત સતત રસ્તા વળાવવાની સેવા ચાલુ રાખી હતી. ગુજરાત સરકારે આ મેદની ગુજરાતી વિષે જાણે તે માટે તેનાં પક્ષીઓ, પશુઓ, વનસ્પતિ, પાક, તેનાં યાત્રા ધામો, તેનાં શહેરો, જોવાલાયક સ્થળો પર્યટન સ્થળો, તેનું સ્થાપત્ય તેનો ઔદ્યોગિક વિકાસ વિગેરેને આવરી લેતું બધું જ તેનું એક પ્રર્દશન યોજ્યું, જે અઢી કિ.મી. લાંબું હતું. માર્ગમાં જ હતું. યાત્રીઓ ચાલતાં જોતાં જાય. ખૂબ સ્તુત્ય પ્રયાસ હતો સરકારનો. મંદિરની વ્યવસ્થા પણ ખૂબ સરસ હતી. એક સવા કલાકમાં કોઇપણ દર્શનઆર્થી દર્શન કરી બહાર નીકળી જાય, તેવી વ્યવસ્થા બદલ વ્યવસ્થાપકોને પણ ધન્યવાદ.



આ બધાના પાયામાં રહેલા મા પ્રભુને લાખ લાખ વંદન કેવો નક્કર પાયો આ પ્રવૃત્તિનો નાંખ્યો કે આઠ આઠ વર્ષથી આ પ્રવૃત્તિ કેવી સરસ ચાલે છે તેમની ઉપસ્થિતિ, તેમની બે વર્ષની હાજરીના મીઠાં સંસ્મરણો યાદ કરવાતી હતી. તો અદશ્ય રીતે સહુની અંદર તેમની શક્તિ જ કામ કરતી હતી. તે સિવાય આ બધું ક્યાંથી શક્ય બને? સત્કર્મ યજ્ઞોમાંનો પણ એક યજ્ઞ. મા સહુની પાસે સેવા કરાવી અહંકાર જેવા મોટા શત્રુનો નાશ કરાવજો. સેવા યજ્ઞનું સહજ પણ અહં ના થાય તે હે મા, જોતાં રહેજો.

★ રોજ એક કલાક હસવાનો નિયમ લો.

★ વિસ વર્ષથી એક જ નિત્ય પ્રાર્થના થયા કરે છે. ‘પ્રભુ દર્શન આપ. તારામાં સમાવ.’

—મા

# પારસમણિ—જેવાં શુભચિંતન

ડૉ. પ્રકાશ ગજ્જર

## અસીમ વિકાસ

**હું જે કાંઇ છું. એનાથી મને આનંદ છે. પણ હજુય હું ઘણો બધો વિકાસ કરી શકું છું. એનાથી તો મને અવર્ણનીય આનંદ છે.**

એક આશ્ચર્યની વાત એ છે કે જો તમારા વિકાસથી તમને સંતોષ ના થતો હોય તો અવશ્ય માનજો કે તમે ખરેખર વિકાસની કેડી ઉપર આગળ ધપી રહ્યા છો, ખરેખર! પોતાની અપૂર્ણતા અને ઓછી પ્રગતિ વિષે ખ્યાલ આવવો એ તો ઉત્તમ નિશાની છે. કારણ કે નવો વિકાસ, નવી ગતિ, પૂર્ણતા પ્રતિ અભિયાનનો અહીંથી જ તો આરંભ થાય છે.

તમારે ખરેખર શું કરવું છે? શું શું બનવાની તમને તીવ્ર ઝંખના છે? તમારે શું સિદ્ધ કરવું છે? આ બધી સ્વપ્નશીલતા જ દર્શાવી આપે છે કે તમારી અંદર કેવાં કેવાં બીજ સૂતેલાં છે. આ બીજ છે, તો એ પાંગરશે જ. તમારાં સ્વપ્ન સિદ્ધ થશે જ. અશાંતિ અને અસંતોષ તો એ ખાત્રી આપે છે કે તમે સળવળ્યા છો. બીજ જાગ્રત થવા લાગ્યા છે.

ઉછેર, શિક્ષણ, પૂર્વભૂમિકા, સ્થિતિ, સંજોગો એ બધા વિચારોથી તમે પોતાની જાતને બાંધી ના રાખશો. આવા સીમિત વિચારોને એક બાજુ પર ફંગોળી મૂકો. જૂના નિરાશાવાદી, નકારાત્મક વલણની બેડીઓ તોડી નાખો. એક નવા મુક્ત ગગનમાં વિહાર આરંભો. તમારી અંદર વસતી ઈશ્વરીય ચેતના તરફ વળો, એના વિષે સજાગ બનો, એને જગાડો. નવજાગૃત



સંપૂર્ણ આત્મવિશાવસ સાથે આગળ ધસવા લાગો.

તમે વધારે પ્રભાવશાળી બની શકો છો. તમારી શક્તિઓને તમે વિકસાવી શકો છો. તમારી પ્રતિભાને તમે નવો નિખાર આપી શકો છો. આનંદ પામો કે તમે વાસ્તવમાં શું છો ને થઇ શકો છો, કેવો વિકાસ સાધી શકો છો.

## સમૃદ્ધિનાં સ્રોત

**મારી પોતાની અંદર સમૃદ્ધિનાં જે અસીમ સ્રોત છે એ વિષે ઈશ્વર મને સ્પષ્ટ ખ્યાલ આપે છે.**

તમને વધારે સમૃદ્ધિ, વૈભવ અને સુખમાં રસ છે? તો તમારી પાસે જે મૂડી છે, સાધનો છે એની ગણતરી તો માંડો! આ ગણતરીમાં તમે બહાર દેખાતી વસ્તુઓનો સમાવેશ તો કરશો જ. સાથે તમારે પોતાની આંતરિક સમૃદ્ધિઓનો વિચાર પણ કરવો પડશે ને? વાસ્તવમાં તમને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે જે કાંઇ જોઇએ એ બધું વિપુલ પ્રમાણમાં તમારી અંદર છૂપાયેલું છે જ. એટલું બરાબર સ્મરણમાં રાખો કે પ્રભુ જ છે તમારી સર્વ સમૃદ્ધિનું કેન્દ્ર, એનું મૂળ સ્રોત. એ પ્રભુ તમારી અંદર, તમારા માટે, તમારી સાથે કામ કરી રહ્યો છે.

એક પ્રાર્થનના અધિકારની જ વાત કરો ને! ખરે જ, પ્રાર્થના એક અદ્‌ભુત, અસીમ ઊર્જાયુક્ત પ્રવૃત્તિ છે, માધ્યમ છે. સમસ્યા ભલે ને ગમે તે હોય; તમે પ્રાર્થનાના રચનાત્મક અભિગમને અવશ્ય પસંદ કરી શકો. જરૂરિયાત ભલે ગમે તે હોય; તમે શ્રદ્ધાસભર પ્રાર્થનાની શક્તિને અચૂક કામે લગાડી શકો. તમારી પાસે જે કાંઇ મૂડી છે, સાધનો છે એમને આશિષ આપી, એ માટે આભાર માની તમે એમનો ઉપયોગ કરી શકો. તમારી એ મૂડી એનેકશઃ પાંગરશે. તમે બીજા ઘણાને પણ એનો

લાભ આપી શકશો.

વળી તમે પ્રભુને એ પ્રાર્થના પણ કરી શકો કે એ તમને તમારી ગુપ્ત મૂડી અને શક્તિઓનો ખ્યાલ આપે. તમને અંદાજ પણ ના હોય એવી પ્રતિભા, એવી સંભાવના, એવી અમૂલ્ય બુદ્ધિશક્તિ તમારામાં વસે છે. પ્રભુને પ્રાર્થના કરો કે એ તમારી ચેતનાને વિસ્તારે, વિકસાવે, એનો સદ્દુપયોગ કરવાની પ્રેરણા આપે, તમને વધારે સમૃદ્ધ બનાવે.

## સુરક્ષાકવચ

**પ્રત્યેક ક્ષણે ઈશ્વરીય પ્રેમ અને ઊર્જાનું કવચ મારી સુરક્ષા કરતું હોઈ હું સર્વદા પૂર્ણ શાંતિ અને સુરક્ષિતતાનો અનુભવ કરતો રહું છું.**

પરમાત્મા જીવંત ચેતનારૂપે મારી અંદર નિવાસ કરે છે ને મારી આસપાસમાં પણ એ સૂક્ષ્મરૂપે હાજર હોયછે, વિચારોમાં સતત અવગાહન કરતા રહેવાને કારણે હું પૂર્ણ શાંતિ અને વિશ્રામની અવસ્થામાં જ રહું છું. હું જે કાંઈ પ્રવૃત્તિ કરતો હોઉં તેમાં પ્રભુને જાગૃત્તિપૂર્વક નિમંત્રણ આપું છું. આમ તો ઈશ્વરીય ચેતના સર્વત્ર હાજર જ હોય છે. એની વ્યાપ્તિ તો સર્વત્ર છે. પણ જ્યારે હું એ ચેતનાને નિમંત્રણ આપું છું, એના વિષે સજાગ બનું છું ત્યારે તમામ શંકા અને ડર ઓગળી જાય છે અને હું ઈશ્વરના આશિષનું નવેસર સ્વાગત કરવા લાગું છું.

પરમાત્માશક્તિ પ્રત્યેક ક્ષણે મારી સાથે જ હોય છે, એ સમજ મારી અંદર સતત ઝળહળતી હોવાથી, અન્યથા જે સંજોગોએ મને અકળાવી મૂક્યો હોત એ મને ઢીલો પાડવામાં કે ઉશ્કેરવામાં સદંતર નિષ્ફળ જાય છે.

પ્રત્યેક સંજોગમાં, પ્રત્યેક ક્ષણમાં હું ઈશ્વરીય હાજરીથી



પ્લાવિત, સુરક્ષિત હોઉં છું. પ્રભુનો પ્રેમ મને ભરપૂર સુદૃઢતા અને પ્રચંડ આત્મવિશ્વાસ આપ્યા કરે છે. આથી મારી શક્તિમાં ઉત્તરોત્તર વધારો થાય છે. મને નવી નવી પ્રેરણા મળ્યા કરે છે. ઈશ્વરની હાજરી મારામાં વધારે ને વધારે શક્તિસિંચન કર્યે જાયછે. મને અખંડ વિશ્વાસ રહે છે કે એ શક્તિ ઉત્તરોત્તર વધ્યે જ જવાની છે. માટે જ તો પૂર્ણતયા નિશ્ચિંત બની, પરમ જાગૃત્તિ અને ઉત્સાહ સાથે હું મારો દૈનિક કાર્યક્રમ ઉત્તમ રીતે સંપન્ન કરું છું.

(પારસમણિમાંથી)

સમર્પણ પૂર્ણ હોય તો દેહ અલગ રહે જ નહીં, પ્રભુમાં સમાઈ જાય. પણ પ્રભુ આ દેહ દ્વારા કંઈક કરાવવા ઈચ્છતા હોય તો ભલે એ રહે.

—મા

તમે તમારા સંજોગોને, દુનિયાને કે સમાજને તમને અનુકૂળ થાય તે રીતે બદલી શકો નહીં. પણ તમારામાં શક્તિ અને સંકલ્પ હોય તો જિંદગીના આ સરઘસમાંથી તમે સફળપણે આગળ જઈ શકો.

—સ્વામી રામ

લોભ અને લાલચથી કોઈને ક્યારેય સંતોષ થતો નથી.

# રસેશ્વરી

(ગતાંકથી આગળ) **શ્રી યોગેશ્વરજી**

'કયી ઉપાધિ?' કૃષ્ણે પૂછ્યું.

'અહીંથી થોડેક દૂર એક સુંદર વનમાં તાડનાં અસંખ્ય વૃક્ષો છે. એ વૃક્ષોપરથી નીચે પડતાં પાકેલાં ફળો ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. એ ફળો ખાવાની ઇચ્છાથી અમે કોઇ કોઇ વાર જઇએ છીએ. બીજા લોકો પણ જતા હોય છે. પરંતું એ વનમાં રહેનારો ધેનુક નામનો દુષ્ટ દૈત્ય સૌને રોકે છે. એણે કેટલાયનો નાશ કરી નાખ્યો છે એને લીધે એ વનમાં પ્રવેશવાની કોઇ હિંમત જ નથી કરી શક્તું. ગધેડાનાં રૂપમાં રહેનારો એ દૈત્ય પોતે તો બળવાન છે જ પણ એની સાથે રહેતા બીજા દૈત્યો પણ એવા જ બળવાન છે.'

બીજા ગોપબાલે કહ્યું:

'એ વૃક્ષોનાં મીઠાં ફળોને ખાવાની ઇચ્છા અમને ઘણી જ છે, તોપણ ધેનુકાસુરના ભયને લીધે અમારી ઇચ્છાને નથી સંતોષી શક્તા. આપણે સૌ સાથે મળીને ત્યાં જઇએ તો એનો રસ્તો જરૂર નીકળી શકે.'

કૃષ્ણ અને બળરામ હસ્યા ને સૌની સાથે તાલવનમાં જવા તૈયાર થયા. એમણે કહ્યું :

'એ દુષ્ટ દૈત્યમાં કેટલું બળ છે તેની ખબર હમણાં જ પડી જશે.'

તાડવૃક્ષના વનમાં પહોંચીને કૃષ્ણ અને બળદેવે એ વૃક્ષને જોરથી હલાવવા માંડ્યાં.



એને લીધે વૃક્ષોનાં ફળ નીચે પડવા લાગ્યાં.

ગધેડાના રૂપમાં રહેતો ધેનુકાસુર ફળોનો શબ્દ સાંભળીને ઉત્તેજિત બની ક્રોધે ભરાઇને દોડી આવ્યો.

ગોપબાલો એને દેખીને ડરી ગયા ને પાછા હઠી ગયા.

'કૃષ્ણ, આ આપણો કાળ આવ્યો.' એ બોલી ઊઠ્યા.

કૃષ્ણે સૌને હિંમત આપતાં કહ્યું:

'એ આપણે કાળ નથી બનવાનો, આપણે જ એના કાળ બની જઇશું.'

પણ ત્યાં તો ધેનકાસુર દોડતો આવીને બળરામના પેટમાં પોતાના પાછલા પગથી લાત મારીને ભૂંકતો ભૂંકતો નાસી ગયો.

પોતાને સફળ થયેલો સમજીને એ દુષ્ટ અસુર ક્રોધે ભરાઇને ફરી આવ્યો, ને બળરામને લાત મારવાની તૈયારી કરી, પરંતુ બીજી વખત એ ના ફાવ્યો.

બળરામે સમયસૂચકતા વાપરીને એના બંને પગ પકડી લીધા અને એને ગોળગોળ ફેરવીને એક તાડવૃક્ષપર પછાડ્યો.

એ જ વખતે એ અસુરનો પ્રાણ ઊડી ગયો.

એના પડવાથી એક તાડવૃક્ષ તૂટી પડ્યું, અને એની અસરથી બીજાં તાડવૃક્ષો પણ હાલી ઊઠ્યાં.

ગોપબાલો અને કૃષ્ણ એ અસાધારણ શક્તિસંપન્ન ભયંકર અસુરનો નાશ થયેલો જોઇને નાચી ઊઠ્યા.

પરંતુ એમના વિસ્મયની વચ્ચે ધેનકાસુરના ભાઇઓ તથા કુટુંબીજનો એના મૃત્યુનો બદલો લેવા માટે આવી પહોંચ્યા, ને કૃષ્ણ તથા બળરામ પર તૂટી પડ્યા.

કૃષ્ણ અને બળરામે એનાથી લેશ પણ ડર્યા કે ગભરાયા

વિના એ સૌનો સંહાર કરી નાખ્યો.

આખીય ભૂમિ તાડવૃક્ષનાં ફળોથી તૂટેલાં તાડવૃક્ષોથી ને અસુરોનાં નિષ્પ્રાણ શરીરોથી છવાઇ ગઇ.

કૃષ્ણે ગોપબાલોને કહ્યું:

'આજે ધેનુકાસુરનો એના પરિવાર સહિત નાશ થવાથી આ સુંદર અને વિશાળ વન નિર્ભય બની ગયું. એ દુષ્ટ અસુરે કુદરત અને એના સ્વામી પરમાત્માની સંપત્તિ પર અહંકારયુક્ત અને અજ્ઞાનવશ થઈ ને અધિકાર જમાવી દીધેલો. એની બુદ્ધિ તથા વૃત્તિ ગધેડા જેવી જ જડ હતી. હવે લોકો આ વૃક્ષોનાં સ્વાદિષ્ટ ફળોનો નીડરતાપૂર્વક ઉપભોગ કરશે ને પશુઓ પણ પ્રેમપૂર્વક વિહાર કરીને અહીંનું સરસ ઘાસ ખાશે. આવા દુષ્ટોના દમનમાંથી મુક્ત થવાથી જ સમાજ સુખી થઇ શકે.'

સૌએ બળરામને એમના અસાધારણ પરાક્રમને માટે અભિનંદન આપ્યા.

કૃષ્ણ અને બળરામના આદેશથી સૌએ ફળ ખાધાં ત્યારે અભિનંદનનો ઉત્તર આપતાં બળરામે કહ્યું :

'મારા પરાક્રમને માટે મને અભિનંદન આપવાનાં ના હોય. મેં કોઇ ઉપકારનું કામ નથી કર્યું પરંતુ મારા કર્તવ્યનું જ પાલન કર્યું છે. જે સમાજમાં શ્વાસ લેવાનો અવસર મળ્યો તે સમાજને બનતી બધી રીતે ઉપયોગી થવાની અને એમાં ફેલાયલા અનર્થ, અધર્મ, અન્યાય, આતંક અથવા અનાચારનો અંત આણવાની આપણી ફરજ છે. મેં કેવળ એ ફરજ જ બજાવી છે, એથી વિશેષ કશું જ નથી કર્યું. એમાં મારી પ્રશસ્તિ ના હોઇ શકે.'

કૃષ્ણે પણ એવા જ વિચારોને વ્યક્ત કરીને કહ્યું:



'બળરામનું પરાક્રમ ખરેખર અદ્‌ભુત છે. આપણા સમાજમાં અને બીજે બધે ન જાણે એવા કેટકેટલા ધેનકાસુરો છે જેમની બુદ્ધિ ગર્દભ જેવી જડ છે, જેમણે પરધનને પોતાનું માનવાની નીતિ અપનાવી છેઃ જે બીજાને ભય પમાડે છે, હેરાન કરે છે, ને બીજાના હક પર તરાપ મારીને બીજાની સંપત્તિને પચાવી પાડવાના જ પ્રયત્નો કરે છે. એ ધેનકાસુરનો સ્વાર્થ, અહંકાર, દંભ અને છળકપટપૂર્વક જીવીને સમાજમાં આતંક ફેલાવે છે, અને અશાંતિ ઊભી કરે છે.એમનો સફળતાપૂર્વક સામનો કરવાની અને એમને જડમૂળથી ઉખેડી કાઢવાની જરૂર છે. સમાજ તો જ સુખી થઇ શકે. જીવનની ધન્યતા એમાં જ છે–સમાજની એવી સમજપૂર્વકની નિઃસ્વાર્થ સેવામાં.'

અને પછી કૃષ્ણે એ શુભ પ્રસંગોનો ઉત્સવ કરતાં મુનિના મનને મોહિત કરનારી, દિશાપ્રદિશાઓને ડોલાવનારી, વાંસળી વગાડી.

એના સુમધુર સ્વર બધે ફરી વળ્યા.

બધાં એથી મધુમય, મુગ્ધ અથવા મોહિત બન્યાં.

**(ક્રમશઃ)**

★ મંથન કરો તો જ નવનીત પામો.

★ જિજ્ઞાસુ સાધક સંતને પ્રિય, જેમ આકાશને ધૂળ પ્રિય.

**–મા**